RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 192* Date: 03.05.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૬ ટકા પરિણામ જાહેર

## ધો.૧૨ સાયન્સમાં ગત વર્ષ કરતા ૬.૪૪ ટકા રિઝલ્ટ ઓછું, મહેનત પ્રમાણે ધાર્યું પરિણામ ન આવ્યું, વિદ્યાર્થીઓ નિરાશ

### મોરબી પ્રથમ તો દાહોદ છેલ્લા ક્રમે, ગુજરાતી માધ્યમનું પરિણામ ૬૫.૩૨ ટકા જાહેર થયું છે તો અંગ્રેજી માધ્યમનું પરિણામ ૬૭.૧૮ ટકા જાહેર

(એ.આર.એલ),અમદાવાદ,તા.ર

ધોરણ ૧૨ સાયન્સનું વર્ષ ૨૦૨૩નું બોર્ડનું પરિણામ આજે જાહેર થયું છે. બોર્ડના પરિણામની સાથે ગુજકેટની પરીક્ષાનું પણ પરિણામ જાહેર થયું છે. ધો.૧૨ સાયન્સનું કુલ ૬૫.૫૮ ટકા પરિણામ જાહેર થયું છે. એ ગ્રુપમાં ૭૨.૨૭ ટકા અને બી ગ્રુપમાં ૬૧.૭૧ ટકા પરિણામ આવ્યું છે. સૌથી વધુ ૯૦.૪૧ ટકા સાથે હળવદ કેન્દ્ર પ્રથમ નંબરે છે અને લીમખેડા કેન્દ્રનું સૌથી ઓછું ૨૨ ટકા રિઝલ્ટ આવ્યું છે. સૌથી વધુ ૮૩.૨૨ ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો પ્રથમ છે. ગુજરાતી માધ્યમનું ૬૫.૩૨ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૬૭.૧૮ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતા આ વર્ષે ૬.૪૪ ટકા પરિણામ ઘટ્યું છે. કેમિસ્ટ્રી અને ફિઝિક્સના પેપર અઘરા નીકળતા વિદ્યાર્થીઓને ધાર્યા પરિણામ આવ્યા નથી. આથી વિદ્યાર્થીઓને આ બન્ને વિષયે રડાવ્યા છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, મહેનત પ્રમાણે ધાર્યું પરિણામ આવ્યું નથી.પરિણામ આવતા વિદ્યાર્થીઓ જણાવ્યું હતું કે, આ વર્ષે અઘરા પેપરને લઈને પરિણામ ધાર્યા કરતા ઓછું આવ્યું છે. અમે બહુ મહેનત કરી હતી, પરંતુ પરિણામને લઈને થોડું દુખ થયું છે. આ વખતે ફિઝિક્સ અને કેમેસ્ટ્રી ખૂબ હાર્ડ પેપર હતું. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ખુશી સાથે થોડું દુખ પણ જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓ તેમનુ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર જોઈ શકાયુ હતું.બોર્ડ દ્વારા પહેલીવાર વોટ્સએપ નંબર ઉપર પણ પરિણામ આપવામાં આવ્યું છે.જે ધોરણ ૧૨ સાયન્સનું વર્ષ ૨૦૨૩ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયુ છે. ગત વર્ષની સાપેક્ષે આ વર્ષે પરિણામ ઓછુ આવ્યુ છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૬૬% આવ્યુ છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના નિયમિત વિદ્યાર્થીઓનું ૬૬.૩૨ ટકા અને નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૬૪.૩૨ ટકા આવ્યુ છે.આ વર્ષે ૮૩.૨૨ % સાથે મોરબી પ્રથમ સ્થાને આવ્યુ છે. જ્યારે દાહોદ જિલ્લાનું પરિણામ ૨૨ % સાથે છેલ્લા ક્રમે આવ્યુ છે. ૯૦.૪૧ ટકા સાથે સૌથી વધારે પરિણામ ધરાવતુ કેન્દ્ર હળવદ બન્યુ છે. આ સાથે જ રાજકોટમાં ૮૨ % જેટલુ પરિણામ આવ્યુ છે.આ વર્ષે કુલ ૨૭ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યુ છે. જ્યારે ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી કુલ ૭૬ શાળાઓ છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૬૭.૧૮ ટકા જાહેર થયું છે. જ્યારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૬૫.૩૨ ટકા જાહેર થયુ છે. જ્યારે છ ગ્રૂપના ઉમેદવારોનું ૭૨.૨૭ ટકા પરિણામ આવ્યુ છે. બી ગ્રૂપના ઉમેદવારોનું ૬૧.૭૧ ટકા પરિણામ આવ્યુ છે. આ ઉપરાંત છભ ગ્રૂપના ઉમેદવારોનું ૫૮.૬૨ ટકા પરિણામ જાહેર થયુ છે. આ વર્ષે ગેરરીતિના કુલ ૩૫ કેસ સામે આવ્યા હતા.

ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ માર્ચ મહિનામાં લેવામાં આવી હતી. જેમાં રાજ્ય ભરમાંથી કુલ ૧૬.૫૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦ બોર્ડમાં ૯,૫૬,૭૫૩, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫,૬૫,૫૨૮, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧,૨૬,૮૯૬, સંસ્કૃત પ્રથમના ૬૪૪, ઉ.ઉ. બુનિયાદી પ્રવાહના ૪,૩૦૫, વ્યવસાયલક્ષી પ્રવાહના ૭૯૩ જ્યારે સંસ્કૃત માધ્યમના ૭૩૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જીએસઈબી ધોરણ ૧૦ ની પરીક્ષા ૨૦૨૩ માર્ચ ૧૪ અને ૨૮, ૨૦૨૩ ની વચ્ચે પરીક્ષા લેવામાં આવી હતી. જ્યારે થ્જીઈભ્ધોરણ ૧૨ ની પરીક્ષા ૨૦૨૩ વિજ્ઞાન પ્રવાહ માટે ૧૪ થી ૨૫ માર્ચ, ૨૦૨૩ અને સામાન્ય પ્રવાહ માટે માર્ચ ૧૪ થી ૨૯, ૨૦૨૩ ની વચ્ચે આયોજિત કરવામાં આવી હતી.રાજ્યમાં ૩ એપ્રિલના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપી હતી. રાજ્યભરમાંથી વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ છ, બી અને ગ્રુપ એબીના અંદાજે ૧,૨૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓએ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં પરીક્ષા આપી હતી.ધો.૧૨ સાયન્સના રિઝલ્ટ જાહેર થયું છે તેમાં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ- ૬૬.૩૨ ટકા,નિયિમિત વિદ્યાર્થિનીઓનું પરિણામ - ૬૪.૬૬ ટકા,હળવદ સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર- ૯૦.૪૧ ટકા,લીમખેડા સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર- ૨૨ ટકા, સૌથી વધુ પરિણામ ધરાવનાર જિલ્લો મોરબી- ૮૩.૨૨ ટકા,સૌથી ઓછું પરિણામ ધરાવનાર જિલ્લો દાહોદ- ૨૯.૪૪ ટકા, ૧૦૦ ટકા પિરણામ ધરાવતી શાળાઓની સખ્યા- ૨૭, ૧૦ ટકા કે તેથી ઓછું પિરણામ ધરાવતી શાળાઓની સંખ્યા- ૭૬,એ૧ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા- ૬૧,એ૨ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા- ૧,૫૨૩,અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓના પરિણામની ટકાવારી- ૬૭.૮ ટકા,ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓના પિરણામની ટકાવારી- ૬૫.૩૨ ટકા,એ ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૭૨.૨૭ ટકા,બી ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૬૧.૭૧ ટકા,એબી ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૫૮.૬૨ ટકા,પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમદવારોની સંખ્યા- ૭૨,૧૬૬ રહી છે. જ્યારે વિષયવાર પરિણામની ટકાવારી જોઈએ તો ગુજરાતી (એફએલ) ૯૯.૯૨, હિન્દી (એફએલ)૧૦૦,મરાઠી (એફએલ) ૯૯.૩,ઉર્દુ (એફએલ) ૧૦૦,અંગ્રેજી (એફએલ)૯૮.૧૬,ગુજરાતી (એફએલ)૧૦૦,હિન્દી (એસએલ) ૯૯.૫ અંગ્રેજી (એસએલ) ૯૪.૮૧,ગણિત ૭૮.૫ કેમિસ્ટ્રી ૬૭.૧૪, ફિઝીક્સ ૬૬.૨૯,બોયોલોજી ૭૩.૬૩, સંસ્કૃત ૯૬.૫૩,એરેબિક,૧૦૦,કોમ્પ્યુટર ૮૭.૨૪ ટકા આવ્યું છે સમગ્ર રાજ્યમાં ૧.૨૫ લાખ વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષા આપી હતી. ૧૪ માર્ચથી ૨૯ માર્ચ સુધી બોર્ડની પરીક્ષા ચાલી હતી, જેનું પરિણામ ૧ મહિના બાદ એટલે કે આજે ૨ મેના રોજ જાહેર થયું છે. આજે માત્ર ઓનલાઈન પરિણામ જાહેર થયું છે, ત્યાર બાદ ૩ દિવસ પછી સ્કૂલમાંથી માર્કશીટ આપવામાં આવશે.માર્ચ મહિનાની ૧૪મી તારીખથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારે આ વર્ષે આશરે ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૬.૫૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જોકે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની વાત કરીએ તો ઈજનેરી કરતાં મેડિકલ લાઈનમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. આ વર્ષે રાજ્યના ૮૩ ઝોનમાં ૧૬૨૩ કેન્દ્રોમાં ૫૫૪૧ બિલ્ડિંગમાં ૫૬૬૩૩ બ્લોકમાં પરીક્ષા લેવામાં આવી હતી.

૨૦૨૨માં ધો.૧૨ સાયન્સમાં ૭૨.૦૨ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં સૌથી વધુ પરિણામ ૯૬.૧૨ ટકા સાથે લાઠી કેન્દ્ર હતું. સૌથી ઓછું ૩૩.૩૩ ટકા સાથે લીમખેડા કેન્દ્રમાં પરિણામ આવ્યું હતું. સૌથી વધુ ૮૫.૭૮ ટકા પરિણામ ધરાવતો જિલ્લો રાજકોટ હતો. જ્યારે ઓછું ૪૦.૧૯ ટકા પરિણામ ધરાવતો જિલ્લો દાહોદ હતો. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સ્કૂલની સંખ્યા ૬૪ હતા અને ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી સ્કૂલની સંખ્યા ૬૧ હતી. ૨૦૦૨માં ધો.૧૨ સાયન્સના પરિણામમાં એ પ્લસ ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીની સંખ્યા ૧૯૬ હતી. જ્યારે એ ૨ ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીની સંખ્યા ૩૩૦૩ હતી.




તા.૨-૫-૨૦૨૩ સવારે ૯-૩૦ વાગે જાયન્ટ્સ ગૃપ ઑફ અમદાવાદ નોર્થ આયોજિત કાર્યક્રમમાં જાયન્ટ મેડિકલ સેન્ટર,કિરણ પાર્ક સામે,નવા વાડજ ખાતે પક્ષીઓને પાણી પીવાનાં ૧૦૦૦ કુંડા,જરૂરિયાતમંદને ૨ ટ્રાયસિકલ, ૧ વ્હીલ ચેર અને ૧ શિવણ મશીનનું નિ:શુલ્ક વિતરણ મા.ધારાસભ્યશ્રી હર્ષદભાઈ પટેલ,સ્થાનિક અમ.મ્યુ.ના કોર્પોરેટ શ્રીઓ હસ્તે કરવામાં આવ્યું હતું જેમાં જાયન્ટ ગૃપ અમદાવાદ નોર્થ મેઈન,મેઈન સાહેલી, શાહીબાગ તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા,હોદ્દેદારોના સહયોગથી અને આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાતી માધ્યમ કરતા અંગ્રેજી માધ્યમનુ પરિણામ વધુ

(એ.આર.એલ),અમદાવાદ,તા.ર

આજે જાહેર કરાયેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં, ગુજરાતી માધ્યમ કરતા અંગ્રેજી અને ઉર્દુ માધ્યમનું પરિણામ વધુ આવ્યું છે. ગુજરાતી માધ્યમનું પરિણામ ૬૫.૩૨ ટકા જાહેર થયું છે તો અંગ્રેજી માધ્યમનું પરિણામ ૬૭.૧૮ ટકા જાહેર થયું છે. સૌથી વધુ પરિણામ ઉર્દુ માધ્યમનું ૭૭.૮૭ ટકા જાહેર થયું છે. જ્યારે મરાઠી માધ્યમનું ૪૯.૦૧ ટકા અને સૌથી ઓછુ પરિણામ હિન્દી માધ્યમનું ૪૬.૩૨ ટકા જાહેર થયું છે. આજે જાહેર થયેલા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામમાં સૌથી વધુ પરિણામ મોરબી જિલ્લાનું છે. મોરબી જિલ્લાનું ૮૩.૨૨ ટકા આવ્યું છે. જ્યારે દાહોદ જિલ્લાનું સૌથી ઓછુ પરિણામ જાહેર થયું છે. દાહોદ જિલ્લાના લિમખેડાનું માત્ર ૨૨ ટકા જ પરિણામ જાહેર થયું છે. ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં એ ગ્રુપનુ ૭૨.૨૭ ટકા અને બી ગ્રુપનુ ૬૧.૭૧ ટકા પરિણામ જાહેર થયું છે. જ્યારે એબી ગ્રુપનું ૫૮.૬૨ % પરિણામ જાહેર થયું છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ ૬૫.૫૮ ટકા જાહેર કરાયું છે. એટલે કે ૬૬ ટકા જેટલું પરિણામ સામે આવ્યું છે. આ વર્ષે જાહેર થયેલ પરિણામ ગયા વર્ષ કરતા ઓછુ છે. ગયા વર્ષે ૭૨.૦૨ ટકા પરિણામ જાહેર થયું હતું.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજસેટનું પરિણામ જાહેર કરાયુ છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૬ ટકા પરિણામ જાહેર થયું છે. વિદ્યાર્થીઓ તેમનુ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર જોઈ શકશે. બોર્ડ દ્વારા પહેલીવાર વોટ્સએપ નંબર ઉપર પણ પરિણામ આપવામાં આવ્યું છે. મોરબી જિલ્લો ૮૩.૨૨ ટકા પરિણામ સાથે સમગ્ર રાજયમાં મોખરે, જ્યારે દાહોદ જિલ્લો છેલ્લા ક્રમે રહ્યો છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલની તબિયત સ્થિર

(એ.આર.એલ),અમદાવાદ,તા.ર

રાજયના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલને બ્રેઈન સ્ટ્રોક આવતાં તેમને મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હિન્દુજા હોસ્પિટલમાં અનુજ પટેલની સારવાર શરૂ થયા પછી હોસ્પિટલ તરફથી હેલ્થ બુલેટિન બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા અનુજ પટેલની સારવાર ચાલી રહી છે. અનુજ પટેલને આઈસીયુ વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ અનુજ પટેલની તબિયત સ્થિર છે. અનુજ પટેલને રવિવારે બપોરે બ્રેઈન સ્ટ્રોક આવતા તેમને તાત્કાલિક વૈષ્ણોદેવી સર્કલ પાસેની કે.ડી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કે.ડી. હોસ્પિટલમાં નિષ્ણાત તબીબો દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. અનુજ પટેલની ૨ કલાક સુધી સર્જરી ચાલી હતી. જે બાદ સવારે તેમને વધુ સારવાર માટે એર એમ્બ્યુલન્સ મારફત મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ પુત્ર અનુજની સાથે મુંબઈ ગયા છે. રાજયપાલ આચાર્ય દેવવ્રત તેમજ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સવારે કે.ડી. હોસ્પિટલ પહોંચ્યા હતા અને અનુજ પટેલના ખબરઅંતર પૂછ્યા હતા. પુત્રની નાદુરસ્ત તબિયતને કારણે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ જામનગરમાં ગુજરાત સ્થાપના દિવસના રાજયકક્ષાના કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહી શક્યા નહોતા. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલ એન્જિનિયર છે. મહત્વનુ છે તેઓ રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે સંકળાયેલા છે.

નિવૃત્ત પોલીસ પુત્રની જાહેરમાં હત્યા

## ચીખલીમાં ત્રણ શખ્સોએ યુવાનને આંતરી લોખંડની પાઈપ લઈ તૂટી પડ્યાં

(એ.આર.એલ),નવસારી,તા.ર

ચીખલી નજીકના થાલા ગામે ચીખલીની વસુધારા માર્ગ પર નહેર નજીક નિવૃત્ત છજીૈના પુત્ર ઉપર ત્રણ અજાણ્યા ઈસમોએ પ્રાણઘાતક હુમલો કરતા તે લોહી લુહાણ થયો હતો. જેને પોલીસે હોસ્પિટલ ખસેડવાનો પ્રયાસ કર્યો, પણ સારવાર મળે એ પૂર્વે તેનું કરૂણ મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ ચીખલી દોડી આવ્યાં હતા અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી હમલાખોરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે પરિવારજનોએ આરોપીઓને ઝડપથી પકડવાની માગ કરી છે તેમજ જ્યા સુધી આરોપીઓ નહીં પકડાય ત્યા સુધી મૃતદેહ નહીં સ્વીકારવાની પરિવારજનોએ વાત કરી છે.

નવસારીના ચીખલી તાલુકાના થાલા ગામે શિવેચ્છા સોસાયટીમાં રહેતો વિનલ પટેલ ગત રાતે ૮ વાગ્યા આસપાસ પોતાની મોપેડ લઈને કોલેજ સર્કલ નજીક આવેલી નહેર પાસેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન એક દૂધ વહન કરતી બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેને આંતરી અચાનક લોખંડના પાઈપ વડે પ્રાણઘાતક હુમલો કર્યો હતો. અચાનક થયેલા હુમલાથી ડઘાઈ ગયેલા વિનલે બચવાનો પ્રયાસ કર્યો, પણ તેનો પગ ભેરવાઈ જતા જમીન પર પડ્યો હતો. જે બાદ હુમલાવરો તેના ઉપર તૂટી પડ્યા હતા. જેથી તેને ફ્રેકચર થયું હતું, જ્યારે હુમલાથી બચવાના પ્રયાસમાં વિનલના માથાના પાછળના ભાગે ઈજા થતા લોહી લુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો.

ચીખલી પોલીસને ઘટનાની જાણ થતાં તાત્કાલિક દોડતી થઈ હતી. હુમલાવરો ભાગવાની જલ્દબાજીમાં ઘટના સ્થળે પોતાની બાઈક મુકી ગયા હતા. આ વચ્ચે પોલીસે પોતાના વાહનમાં જ ગંભીર રીતે ઘવાયેલાં વિનલ પટેલને ચીખલી રેફરલ હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો. પરંતુ સારવાર મળે એ પૂર્વે જ વિનલનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. જેથી પોલીસે મૃતદેહને પીએમ રૂમમાં ખસેડી તપાસને વેગ આપ્યો હતો. ઘટનાની જાણ થતા જિલ્લા પોલીસ અધિક્ષક ઋષિકેશ ઉપાધ્યાય, નાયબ પોલીસ વડા એસ. કે. રાય સહિત ન્ઝભ, જીંય તેમજ સ્થાનિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને હુમલો કરનારા આરોપીઓને શોધવાના ચક્રો ગતિમાન કર્યા હતા. મૃતક વિનલ પટેલના ભાઈ હિમેશે જણાવ્યું હતું કે, મારો ભાઈ સામાજીક કામમાં સદાય અગ્રેસર રહ્યો છે, જરૂરિયાતમંદ લોકોના કામ આપવું તેની આદત હતી. મારા ભાઈની કોઈ સાથે અદાવત કે દુશ્મની ન હોવા છતાં પણ તેનું મર્ડર કરવામાં આવ્યું છે. મૃતક વિનલ પટેલના ભાઈએ જ્યાં સુધી આરોપીઓ ન પકડાય ત્યાં સુધી ભાઈના મૃતદેહને નહીં સ્વિકારવાની વાત કરી, ન્યાય માટેની માંગ કરી હતી. ચીખલીના થાલામાં યુવકની હત્યા મામલે મૃતક યુવકના પરિજનોની ધારાસભ્ય નરેશ પટેલે મુલાકાત લીધી હતી. નરેશ પટેલે પરિવારને સાંત્વના પાઠવી હતી તેમજ પોલીસને ઝડપી કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. બીજી તરફ મૃતક યુવાનનો પરિવાર આરોપીઓ ન ઝડપાય ત્યાં સુધી મૃતદેહ ન સ્વીકારવા મક્કમ જોવા મળ્યા છે. તેમજ સરાજાહેર યુવકની હત્યાને પગલે કોળી પટેલ સમાજના આગેવાનોમાં રોષ જોવા મળ્યો છે. પોલીસે હુમલાવરોની બાઈકનો કબ્જો મેળવી, તેના માલિકની માહિતી મેળવવા સાથે ટેકનિકલ સર્વેલન્સ સાથે બાતમીદારોનુ નેટવર્ક એક્ટિવ કરી આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો આરંભ્યા છે. જોકે, પોલીસ પુત્ર વિનલ પટેલને ક્યા કારણોસર મોતને ઘાટ ઉતારવામાં આવ્યો, કોણ હોઈ શકે એ મુદ્દે પરિવારજનો પણ અજાણ છે. ત્યારે કોણે હુમલો કરાવ્યો, કોઈ જૂની અદાવત છે કે પછી કોઈ બીજું કારણ..? જેવા અનેક પ્રશ્નો લોક માનસમાં ઉઠી રહ્યા છે, ત્યારે પોલીસ આરોપીઓ સુધી પહોંચે, ત્યારે જ સાચી હકીકત સામે આવશે.

## મે મહિનાના અંતિમ સપ્તાહમાં ધોરણ ૧૦નું પરિણામ આવી શકે છે

(એ.આર.એલ),ગાંધીનગર,તા.ર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માર્ચ મહિનામાં પૂરી થઇ હતી. આજે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે જાહેર કર્યું હતું. પત્રકારો સાથેની વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, મે મહિનાના અંતિમ સપ્તાહમાં ધોરણ ૧૦નું પરિણામ આવી શકે છે. રાજયમાં પરીક્ષા પૂર્ણ થતાં પેપર ચકાસણીની કામગીરી હવે પૂર્ણ થઇ ગઇ છે અને ડેટા એન્ટ્રીની કામગીરી ચાલી રહી છે. જે પૂરી થતા મે મહિનામાં ધો.૧૦- પરિણામ આવી શકે છે. જે અનુસાર, મે મહિનાના પ્રથમ સપ્તાહમાં ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવાનો નિર્ધાર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો હતો તે મુજબ ગત વર્ષ કરતા ૧૦ દિવસ વહેલું પરિણામ આવી ગયું છે. સુત્રોનું માનીએ તો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ મે મહિનાના ત્રીજા સપ્તાહમાં જ્યારે ધોરણ ૧૦નું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર થઇ શકે છે. તમામ પરિણામ ગુજરાત બોર્ડની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે અને ત્યાર બાદ વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવશે. ધોરણ ૧૦ની ઉત્તરવહીની મૂલ્યાંકનની કામગીરી માટે રાજ્યમાં ૧૬૩ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ કેન્દ્ર પર ૨૮,૦૦૦ શિક્ષકો મૂલ્યાંકનની કામગીરી કરી હતી. હાલ ડેટા એન્ટ્રીની કામગીરી ચાલી રહી છે. ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સ તથા ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૫ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષા પૂર્ણ થતાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી પણ પૂરી થઇ છે.હવે ડેટા એન્ટ્રી સંપૂર્ણ થયા બાદ મે મહિનામાં અંતિમ દિવસોમા ધો.૧૦ થી ૧૨ના પરિણામ જાહેર કરવામાં આવશે. એટલે આ વખતે વિદ્યાર્થીઓને પરિણામ વહેલું આવતા સમય વધુ મળશે.

## સુદાનમાં મોત જોઈને વતન પરત ફર્યા ગુજરાતીઓ, હર્ષ સંઘવીએ તમામને આવકાર્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.ર

ઓપરેશન કાવેરી અંતર્ગત આજે વધુ ભારતીયોને દેશમા લાવવામા આવ્યા છે. ૨૩૧ ભારતીયો યુદ્ધગ્રસ્ત સુદાનથી સુરક્ષિત સ્વદેશ પહોંચ્યા છે. સાઉદીના જેદ્દાહ એરપોર્ટથી અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. જોકે, સ્વદેશ પરત ફરેલા તમામ પ્રવાસીઓ ગુજરાતના છે. ત્યારે ઓપરેશન કાવેરીમાં સુદાનથી આવેલા ગુજરાતીઓએ એરપોર્ટ પર પોતાની વ્યથા વર્ણવી હતી કે, વેપાર, ધંધા, મિલકત બધું છોડીને આવ્યા છીએ. તો બીજી તરફ, પ્રવાસીઓના આગમનને લઈને રાજ્યે આરોગ્ય વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. રાજ્ય સરકાર અને એએમસીની હેલ્થ ટીમ એરપોર્ટ પર ડિપ્લોઈ કરાઈ છે. તમામ પ્રવાસીઓનો કોરોના ટેસ્ટ કરવામાં આવનાર છે, અને પોઝિટિવ આવેલા પ્રવાસીઓ માટે કરાઈ ક્વોરોનટાઇનની વ્યવસ્થા કરવામા આવી છે. ઈન્ટરનેશનલ ટર્મિનલ ખાતે એમ્બ્યુલન્સ, એસટીની વોલ્વો બસ સહિતની તમામ વ્યવસ્થા કરાઈ હતી. તો ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી ખુદ પ્રવાસીઓને આવકારવા ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ ઈન્ટરનેશનલે એરપોર્ટ પર સુદાનથી આવેલા લોકોનું સ્વાગત કરાયુ હતું. ઈન્ડિગો ફ્લાઈટમાં સવારે ૧૦.૧૫ કલાકે તમામ લોકો અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. ત્યાર બાદ અમદાવાદ જિલ્લા અરોગ્યની ટિમ અને એએમસીની અરોગ્ય ટિમ દ્વારા સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. વેકસીન લીધેલ છે તેવા લોકોને પોતાના ઘરે જવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. અને જે લોકોને ક્વોરોન્ટાઇ માટેની જરૂર છે તેવા લોકો માટે હોટલ બુક કરવામાં આવી છે. જે લોકો બીમાર છે તેને એમ્બ્યુલન્સ મારફતે ઘરે પહોંચાડવામાં આવ્યા છે. તેમજ અમદાવાદ એરપોર્ટથી એસટી નિગમને બસ વ્યવસ્થા કરી હતી.

## તંત્રી સ્થાનેથી...

# ભારતની રાજકીય ઘટનાઓમાં વિદેશી હાથ-નજર

*માનહાનિના મામલામાં દોષી સાબિત થયેલ રાહુલ ગાંધીનું સંસદનું સભ્યપદ રદ થયાના મામલે જર્મનીના વિદેશ મંત્રાલયના પ્રવકતાએ કરેલ ટીપ્પણી પર કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે જર્મનીના વિદેશ મંત્રાલયને ધન્યવાદ પાઠવ્યા હતા. રાહુલ ગાંધી પર આરોપો ત્યારથી થઈ રહ્યા છે જયારે તેઓએ લંડનમાં એ નિવેદન કર્યુ હતું કે, ભારતમાં લોકતંત્ર ખત્મ થઈ ગયું છે અને છતાંયે અમેરિકા અને યૂરોપ બેપરવા છે.*

*રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરી હતી કે, તેઓનો એવો કોઈ ઈરાદો ન હતો કે અમેરિકા અને યુરોપ ભારતમાં લોકતંત્ર મામલે હસ્તક્ષેપ કરે. જો કે રાહુલલ ગાંધી ખરેખર તેમ ઈચ્છતા હતા તો પછી દિગ્વિજયસિંહ જર્મનીના વિદેશ મંત્રાલયના નિવેદન પર એકાએક ઉત્સાહિત કેમ થઈ ગયા? ખરેખર નાસમજભર્યા નિવેદન મામલે તેઓએ જર્મનીને હદમાં રહેવાની સલાહ કેમ ન આપી? જો તેઓ બોલી શકે તેમ ન હતું તો પછી ઉત્સાહનો અતિરેક દાખવવાના બદલે ચૂપકિદી સેવવી જરુરી હતી.*

*એક અર્થ એવો પણ થઈ રહ્યો છે કે, કોંગ્રેસ નેતાઓ ઈચ્છી રહ્યા છે કે ભારતમાં લોકતંત્રની કથિત રીતે ખરાબ સ્થિતિને લઈને રાહુલ ગાંધી અન્ય દેશોમાં બોલે. પરંતુ અગાઉ વર્ષો સુધી સત્તામાં રહેલ કોંગ્રેસને એ આભાસ હોવો જોઈએ કે જો બહારના દેશોને ભારતના આંતરિક મામલાઓમાં બોલવા માટે પ્રેરિત કરવામાં આવશે તો તેના પરિણામો સારા નહીં હોય. સાથોસાથ એ વાતથી પણ આંખ આડા કાન ન કરી શકાય કે, જર્મન વિદેશ મંત્રાલયના પ્રવકતાની જેમ અમેરિકી વિદેશ મંત્રાલય પ્રવકતા પણ એ કહી ચૂકયા છે કે,રાહુલ ગાંધી મામલે અમેરિકા સતત નજર રાખી રહ્યું છે.*

*ભારત સરકારે અમેરિકા અને ત્યારબાદ જર્મની તરફથી રાહુલ ગાંધી મામલે કરાયેલ ટીપ્પણીઓને હળવાશથી ન લેવી જોઈએ. યોગ્ય મંચ પર આ મામલે ફરિયાદ કરવી જોઈએ અને તે બંને દેશોને પોતાની હદમાં રહેવાનો નિર્દેશ પણ કરવો જોઈએ. સરકારે એ પણ જોવું રહ્યું કે, રાહુલ ગાંધીના સંદર્ભમાં અમેરિકા અને જર્મની દ્વારા અવાંચ્છિત ટીપ્પણી કરવાનો ઈરાદો ભારત પર દબાણ કસવાનો તો નથીને ?*

*આ આશંકા એટલા માટે છે કે, વિશ્વમાં સૌકોઈ જાણે છે કે અમેરિકા અને યૂરોપીય દેશોને રશિયા-યુક્રેન મામલે ભારતનું વલણ માફક આવ્યું નથી. તેઓ ઈચ્છે કે, ભારત રશિયા-યુક્રેન યુદ્ધ અંગે તે જ દષ્ટિકોણ રાખે, જેઓ તેઓ રાખી રહ્યા છે. અમેરિકા અને જર્મનીની ભારત પ્રત્યેની ટીપ્પણીઓ અસ્વીકાર્ય છે, કારણ કે રાહુલ કોઈ પ્રથમ જનપ્રતિનિધિ નથી કે તેઓને કોઈ અપરાધિક મામલે દોષી ગણાવીને સંસદપદથી દૂર કરાયા હોય. આ અગાઉ પણ ૧૨થી વધુ સાંસદો, ધારાસભ્યોએ પણ સભ્યપદ ગૂમાવ્યા છે.*

*સ્પષ્ટ છે કે, અમેરિકા અને જર્મનીને કાં તો આવા મામલે જ્ઞાન નથી અથવા તો તેઓ જાણીબુઝીને ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપ કરવા ઉત્સુક છે. જો કે કારણ ગમે તે હોય પરંતુ તેઓએ ભારતને ઉપદેશ આપવાની ઘેલછા ત્યજવી પડશે.*

## અરવલ્લી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના આધારે તલની ખેતી

# ધનસુરા તાલુકાના કમાલીયા કંપાના ખેડૂત વિનોદભાઈ પ્રાકૃતિક ખેતી આધારિત કરી રહ્યા છે ખેતી

જિલ્લા માહિતી કચેરી, અરવલ્લી

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના કમાલીયા કંપાના ખેડૂત વિનોદભાઈ પ્રાકૃતિક ખેતી આધારિત છેલ્લા પાંચ વર્ષથી ખેતી કરીને મતલબ પાક તેમજ સારી આવક મેળવી રહ્યા છે. અત્યાર સુધી પ્રાકૃતિક ખેતી આધારિત ઘઉં, મકાઈ, ચણા જેવા પાક લઈ રહ્યા હતા, પરંતુ આ સીજનમા પ્રાકૃતિક ખેતી આધારિત તલની ખેતી કરીને પ્રાકૃતિક ખેતીમાં હરણ ફાળ ભરી છે.



વિનોદભાઈએ તેમની સાથેની વાતચીતમાં જણાવ્યુ કે વર્ષ ૨૦૧૭ માં આણદ જિલ્લામાં યોજાયેલી પ્રાકૃતિક ખેતી શિબિરમાં ભાગ લઈને તેમને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા મળી. ત્યારથી વિનોદભાઈએ પ્રાકૃતિક ખેતીના આધારે વિવિધ પાકોની ખેતી કરીને પ્રાકૃતિક ખેતીમાં હરણ ફાળ ભરી છે. જેમા આ વર્ષે એક વીઘામાં રેમિક વ્હાઈટ ગોલ્ડ જાતના તલની ખેતી કરીને વિનોદભાઈએ પ્રાકૃતિક ખેતીના નવા આયામો સર કર્યા છે.

વિનોદભાઈએ જણાવ્યું હતું કે, તેઓ પોતાની ૧૭ વીઘા જમીનમાં છેલ્લા ૫ વર્ષથી રસાયણ મુક્ત દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે. છેલ્લા ૫ વર્ષથી આત્મા પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે અને આત્મા પ્રોજેક્ટની વિવિધ તાલીમ અને પ્રવાસમાં જઈ ખેતીનું માર્ગદર્શન મેળવી પોતાની આગવી કોઠાસૂઝથી વિવિધ પાકો જેવા કે મગફળી, મકાઈ, ચણા, મગ, અડદ, તુવેર, ઘઉં, તલ તેમજ રીંગણા, વટાણા, જેવા શાકભાજી મળીને વિવિધ પાકોનું વાવેતર કરેલ છે. ૨૦૧૮માં ખેડૂતમિત્ર તરીકે જોડાયા બાદ વિનોદભાઈએ ૪૦૦ થી ૫૦૦ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી આધારિત ખેતી કરવા માટે માર્ગદર્શન આપ્યું છે. શંખેશ્વર ખાતે માન. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે પ્રાકૃતિક ખેતી આધારિત ખેતી કરવા માટે વિનોદભાઈને એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.

**પ્રાકૃતિક ખેતી માટે ખાતર કેવી રીતે તૈયાર થાય છે? :** એક એકર ખેતીની જમીનમાં પ્રાકૃતિક ખેતી માટે ખાતર એટલે કે જીવામૃત એક દિવસ માટે દેશી ગાયના ગૌમૂત્ર અને છાણમાંથી તૈયાર કરી શકાય છે. ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે. કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેઓ રોલ મોડેલ બન્યા છે. તેમનું કહેવું છે કે એક એકર ખેતીની જમીનમાં પ્રાકૃતિક ખેતી માટે ખાતર એટલે કે જીવામૃત એક દિવસ માટે દેશી ગાયના ગૌમૂત્ર અને છાણમાંથી તૈયાર કરી શકાય છે. એક ગાય દ્વારા ૩૦ એકર જમીનમાં કુદરતી ખેતી કરી શકાય છે. ખેડૂતો આ જીવામૃત જાતે તૈયાર કરી શકે છે. જીવામૃત એ રીતે ખેતરની ફળદ્રુપતા વધારે છે જે રીતે થોડી માત્રામાં દહીં દૂધને દહીમાં ફેરવે છે. જીવામૃતમાંથી ઉત્પન્ન થતા બેક્ટેરિયા ખેડૂતના શ્રેષ્ઠ મિત્રો છે. અળસિયાની પ્રવૃત્તિ જમીનમાં ઊંડાણ સુધી પાણી પહોચાડે છે, જેનાથી પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વધે છે. જમીનની ફળદ્રુપતા વધારવા અને માનવજાતને ઝેરી તત્વોથી બચાવવા માટે ગાય આધારિત કુદરતી ખેતી એ સૌથી અસરકારક ઉપાય છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે ખાતર અને જંતુનાશકો ગાયના છાણ અને મૂત્રમાંથી બનાવવામાં આવે છે. તેમાં ચણાનો લોટ, ગોળ, માટી અને પાણી ભેળવવાનું હોય છે. આમ, પ્રાકૃતિક ખેતીના આધારે અરવલ્લી જિલ્લાના ખેડૂતો મબલક પાક તેમજ સારી આવક મેળવી રહ્યા છે.

# કર્ણાટકમાં ભ્રષ્ટાચારના મુદ્દે વડાપ્રધાન મોદી કેમ મૌન છે : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૨

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે તેઓ કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં માત્ર પોતાના વિશે જ વાત કરે છે અને પોતાના કોઈ વરિષ્ઠ નેતાનું નામ પણ લેતા નથી. અહીં એક ચૂંટણી સભાને સંબોધતા તેમણે પૂછ્યું કે કર્ણાટકમાં ભ્રષ્ટાચારના મુદ્દે વડાપ્રધાન મોદી કેમ મૌન છે.

તેમણે દાવો કર્યો હતો કે મોદી તેમની ચૂંટણી સભાઓમાં મુખ્યમંત્રી બસવરાજ બોમાઈ, પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા અને રાજયના ગૃહમંત્રી અરાગા જ્ઞાનેન્દ્રના નામનો પણ ઉલ્લેખ કરતા નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે આ વિધાનસભા ચૂંટણી નરેન્દ્ર મોદી વિશે નથી, પરંતુ કર્ણાટકના લોકો અને તેમના બાળકોના ભવિષ્ય વિશે છે. તેમણે કહ્યું, તમે ભાજપની સભાઓ જોઈ છે? વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવે છે અને કોઈ નેતાનું નામ લેતા નથી. પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ડીકે શિવકુમાર કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નામ મોદી ક્યારેય તેમના નેતાઓના નામ લેતા નથી.

ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે ટોણો માર્યો કે વડા પ્રધાન મોદી ક્યારેય બોમ્માઈ કે યેદિયુરપ્પાનું નામ લેતા નથી, જાણે તેમનું અસ્તિત્વ જ નથી. તેમના કહેવા પ્રમાણે, આજે કર્ણાટકમાં દરેક વ્યક્તિ આશ્ચર્યમાં છે કે વડાપ્રધાન ભાજપના નેતાઓના નામ કેમ નથી લેતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે સબ-ઈન્સ્પેકટરોની ભરતીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હતો પરંતુ વડા પ્રધાને ક્યારેય કર્ણાટકના ગૃહ પ્રધાનનું નામ લીધું નથી.

તેમણે કહ્યું કે, નામ ન લેવાનું એક કારણ એ છે કે નરેન્દ્ર મોદી માત્ર નરેન્દ્ર મોદીની જ વાત કરે છે. રાહુલ ગાંધીએ પૂછ્યું કે કર્ણાટકના ભ્રષ્ટાચાર અંગે વડાપ્રધાન કેમ કંઈ નથી બોલતા? તેમણે દાવો કર્યો હતો કે '૪૦ ટકા કમિશનની સરકાર' બધાને ખબર છે અને આ સંબંધમાં વડાપ્રધાનને પત્ર પણ લખવામાં આવ્યો હતો, પરંતુ તેમણે જવાબ આપ્યો ન હતો. રાહુલ ગાંધીએ આશા વ્યક્ત કરી કે કર્ણાટકના લોકો કોંગ્રેસને સમર્થન આપશે. કર્ણાટકની તમામ ૨૨૪ વિધાનસભા બેઠકો માટે ૧૦ મેના રોજ મતદાન થશે અને મતગણતરી ૧૩ મેના રોજ થશે.

# મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ : શરદ પવારે નેશનલ કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨

શરદ પવારે મંગળવારે નેશનલ કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. પવારે કહ્યું હતું કે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે. તેમણે હજુ સુધી પદ છોડવાનું કારણ જણાવ્યું નથી. એનસીપી મહારાષ્ટ્રમાં મહા-વિકાસ આઘાડી ગઠબંધનમાં સહયોગી છે.૪ દિવસ પહેલાં ગુરુવારે શરદ પવારે કહ્યું હતું કે રોટલી ફેરવવાનો સમય આવી ગયો છે. મને કોઈએ કહ્યું હતું કે રોટલી યોગ્ય સમયે ફેરવવી પડે છે. જો ઉલટાવી લેવામાં ન આવે તો તે કડક બની જાય છે. આ નિવેદન પર અજિત પવારે કહ્યું કે નવા ચહેરાઓને આગળ લાવવાની એનસીપીની પરંપરા રહી છે.

તેમણે ૧૯૯૯માં કોંગ્રેસમાંથી અલગ થઈને એનસીપીની રચના કરી હતી. ત્યારથી તેઓ પાર્ટીના અધ્યક્ષ છે. પવારની જાહેરાત બાદ પાર્ટી કાર્યકર્તાઓએ તેમના સમર્થનમાં નારા લગાવવાનું શરૂ કરી દીધું હતું. તેઓ તેમને પોતાનો નિર્ણય પાછો ખેંચવાની માંગ કરી રહ્યા હતા.

શરદ પવાર મંગળવારે મુંબઈમાં વાયબી ચવ્હાણ સેન્ટરમાં તેમની જીવનચરિત્ર 'લોક ભૂલ ભૂલૈયા સંગાતિ'નું વિમોચન કરી રહ્યા હતા. આ પુસ્તકનું પૃષ્ઠ નંબર ૩૧૯ પર તેમણે લખ્યું- મહાવિકાસ અઘાડીની સરકાર માત્ર સત્તાનો ખેલ નહોતો. અન્ય પક્ષોને દબાવીને અન્ય પક્ષોનું મહત્વ કોઈ રીતે ખતમ કરીને રાજકીય સર્વોપરિતા નિર્માણ કરનારા ભાજપને આ એક યોગ્ય જવાબ હતો.

મહાવિકાસ અઘાડીની સરકાર દેશમાં ભાજપ સામે સૌથી મોટો પડકાર હતો. મને લાગતું હતું કે આ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ થશે. અમે અમારા સ્તરે તેને સંભાળી શક્યા હતા, પરંતુ અમને ખ્યાલ નહોતો કે ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી બનાવવાથી શિવસેનામાં તોફાન સર્જાશે. આ નારાજગીનો અંત લાવવામાં શિવસેનાનું નેતૃત્વ (ઉદ્ધવ અને આદિત્ય) ઉણું ઉતર્યું. લડ્યા વિના ઉદ્ધવજીના રાજીનામાને કારણે મહાવિકાસ અઘાડીની સત્તા પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું.

શરદ પવારે રાજીનામામાં લખ્યું, 'મારા મિત્રો! હું એનસીપીનું અધ્યક્ષ પદ છોડી રહ્યો છું, પરંતુ સામાજિક જીવનમાંથી નિવૃત્ત નથી થઈ રહ્યો. સતત યાત્રા એ મારા જીવનનું અભિન્ન અંગ બની ગયું છે. હું જાહેર સભાઓ અને કાર્યક્રમોમાં હાજરી આપવાનું ચાલુ રાખીશ. હું તમારા માટે પુણે, બારામતી, મુંબઈ, દિલ્હી અથવા ભારતના કોઈપણ જગ્યાએ હોઈશ, તમારા માટે હંમેશની જેમ ઉપલબ્ધ રહીશે. લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે હું સતત કામ કરતો રહીશ. લોકોનો પ્રેમ અને વિશ્વાસ મારા શ્વાસ છે. હું તમારી સાથે હતો અને મારા છેલ્લા શ્વાસ સુધી તમારી સાથે રહીશ. તેથી આપણે મળતા રહીશું. આભાર.'

પવારના રાજીનામા બાદ પાર્ટીના અધ્યક્ષની પસંદગી માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. આમાં પ્રફુલ્લ પટેલ, સુનિલ તડકારે, કેકે શર્મા, પીસી ચાકો, અજિત પવાર, જયંત પાટિલ, સુપ્રિયા સુલે, છગન ભુજબલ, દિલીપ પાટીલ, અનિલ દેશમુખ, રાજેશ ટોપે, જિતેન્દ્ર આહવાદ, હસન મુશરિફ, ધનંજય મુંડે, જયદેવ ગાયકવાડના નામ સામેલ છે.

૩૦ એપ્રિલના રોજ શરદ પવારે કહ્યું હતું - આજે અમે એમવીએનો ભાગ છીએ અને કામ કરવા ઈચ્છીએ છીએ. પરંતુ એકલી ઈચ્છા હંમેશા પૂરતી નથી. સીટોની વહેંચણી, કોઈ સમસ્યા છે કે નહીં, આ બધી ચર્ચા હજુ થઈ નથી. આવી સ્થિતિમાં આજે મહારાષ્ટ્રમાં આઘાડી છે પણ કાલે ખબર નથી.

એનસીપી નેતા અને શરદ પવારના ભત્રીજા અજિત પવાર એનસીપી છોડી રહ્યા હોવાના અહેવાલો હતા. એવું કહેવામાં આવી રહ્યું હતું કે તેમની પાસે ૪૦ ધારાસભ્યો છે અને અજીત બીજેપીમાં જોડાઈ શકે છે. આ પછી અજિતે કહ્યું હતું કે - કોઈ કારણ વગર ગેરસમજ ફેલાવવામાં આવી રહી છે. એકપણ ધારાસભ્યની સહી લેવામાં આવી નથી. ભાજપ સાથે જોડાવાના સમાચારમાં કોઈ સત્ય નથી. જ્યાં સુધી મારામાં જીવ છે, હું એનસીપી સાથે જોડાયેલો રહીશ. જો તમે ઈચ્છો તો હું એફિડેવિટ પર લેખિતમાં આપી શકું છું! ૨૧ એપ્રિલે અજિત પવારે એક ઈન્ટરવ્યુમાં એનસીપી નેતાએ મુખ્યમંત્રી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું - એનસીપી ૨૦૨૪ની મહારાષ્ટ્ર ચૂંટણી પહેલા જ મુખ્યમંત્રી પદ માટે દાવો કરી શકે છે. હું ૧૦૦% મુખ્યમંત્રી બનવા માંગુ છું.

પ્રથમ વખત બળવો: ૧૯૭૭ની સામાન્ય ચૂંટણીઓ પછી, કોંગ્રેસ પક્ષ કોંગ્રેસ (યુ) અને કોંગ્રેસ (આઇ)માં વિભાજિત થયો. શરદ પવાર કોંગ્રેસ (યુ)માં જોડાયા. ૧૯૭૮માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં બંને પક્ષોએ અલગ-અલગ ચૂંટણી લડી હતી. પરંતુ, રાજ્યમાં જનતા પાર્ટીને રોકવા માટે સાથે મળીને સરકાર બનાવી. થોડાક જ મહિનાઓ પછી, શરદ પવાર કોંગ્રેસ (યુ)થી પણ અલગ થઈ ગયા અને જનતા પાર્ટીમાં જોડાયા હતા. જનતા પાર્ટીના સમર્થનથી પવાર ૩૮ વર્ષની વયે મુખ્યમંત્રી બન્યા હતા. તે સમયે તેઓ રાજ્યના સૌથી યુવા મુખ્યમંત્રી હતા. જો કે, શરદ પવાર ફરીથી ૧૯૮૬ માં કોંગ્રેસમાં જોડાયા અને ૨૬ જૂન ૧૯૮૮થી લઈને ૨૫ જૂન ૧૯૯૧ વચ્ચે બે વખત મુખ્યમંત્રી બન્યા હતા.

બીજી વખત બળવો: ૧૯૯૯માં શરદ પવાર, પીએ સંગમા અને તારિક અનવરે સોનિયા ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાનો વિરોધ કર્યો હતો. ત્રણેયનું કહેવું હતું કે વડાપ્રધાન દેશના વ્યક્તિ હોવા જોઈએ. આ કારણે, ત્રણેયને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા અને તેઓએ સાથે મળીને ૨૫ મે ૧૯૯૯ ના રોજ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની રચના કરી હતી. જો કે આ પછી મહારાષ્ટ્રમાં સતત ૧૫ વર્ષ સુધી એનસીપી-કોંગ્રેસ ગઠબંધનની સરકાર રહી હતી.

# સવાલ પૂછવાનો અધિકાર જનતાને છે,સેવકને નથી!

કેમ,કેટલી,ક્યાં,કોણ,કેવી,ક્યારે,કોની? એ સવાલનો કોઈ સવાલ નથી!

આરટીઆઇ એકટ ના મુળમાં જ ઉલ્લેખ છે કે માહિતી અધિકાર અધિનિયમ અમલ માં આવશે તો અનેક વિવાદ અને ઘર્ષણ થશે.

આજે ચોર અને ચોકીદાર આણીમંડળી મીલીભગત બિન જરુરી, લોકતાંત્રીક મૂલ્યો વિરુદ્ધ કારસા કરે છે અને સંવિધાનની ઘોર ખોદે છે.

સત્તા મંડળના સેવકોની જવાબદારી વધશે.

તમામ અધિકારીઓની ફરજ અને કાર્ય, કાર્ય અને કાર્ય નિકાલ, કરેલાં કામ અને એનો અહેવાલ, અહેવાલ રજીસ્ટર નિભાવવું અને ઉપરી અધિકારી સત્તા મંડળને તારીજ પત્રક જમા કરાવવા.

આરટીઆઇ એકટમાં જ છે, ત્રીસ દિવસની અંદર માહિતી ના આપે તો ૨૫૦૦૦? દંડ.

ખોટી માહિતી આપે તો દંડ,

માહિતી નામે ખોટાં રૂપિયા વસુલ કરે તો દંડ,

જો માહિતી આયોગ કમિશનર સાહેબો કાયદાનું પાલન કરે અને કરાવે તો સરકારને ફાયદો જ ફાયદો છે. એક પાનના બે રૂપિયા માહિતીનો ચાર્જ. આ તો સરકારને નફો જ નફો છે.

નફામાં નફો એ છે કે માહિતી ફાઈલો અપટુડેટ પણ થઈ જાય.

સરકારી રેકર્ડ સચવાય, વળી અદાલત દ્વારા એ પણ નિર્દેશ આપ્યો છે કે તમામ માહિતી ડિજિટલ સ્વરૂપે સાચવો.

ભારતે વિશ્વગુરુ બનવું હોય તો શરૂઆત નાની નાની સરકારી અર્ધ સરકારી કચેરીઓના સાહિત્યગ્રંથો અને સરકારી કામનો ઈતિહાસ પહેલાં સાચવવો પડે. ગ્રંથના ઠેકાણાં જ ન હોય તો વિશ્વગુરુ કેવી રીતે બનાશે.

હવે કોઈ નિરક્ષર નાગરીક, કાયદાની આંટીઘૂંટી પ્રક્રિયા થી અજ્ઞાન,કોઈ પણ જાણકારી જાણવા સવાલ પ્રશ્ન પૂછે તો સવાલ સ્વરૂપે માહિતી માટે અરજી કરી છે એવું જણાવી માહિતી અધિકારની જ હત્યા કરી શકાય ખરી?

કુદરતી ન્યાયના હિતમાં છે?

હવે સો ટકા નો એક સવાલ, આરટીઆઇ એકટમાં, આ કાયદો સંસદે બનાવ્યો છે, એમાં એવું ક્યાંય છે કે કોઈ પણ અરજદાર વ્યકિતએ સીમિત સંખ્યામાં જ, સીમિત શબ્દોમાં, થોડી જ માહિતી માગવી ? જો કે લોકશાહીમાં સવાલ પૂછવાનો અધિકાર જનતાને છે. જનતાનાં પૈસે નોકરી કરતા જનતાનાં સેવકોને (માહિતી અધિકારી,અપિલ અધિકારી,આયોગના કમિશનર વગેરે વગેરે ) સવાલ પૂછવાનો અધિકાર કોણે આપ્યો છે ?

મોજૂદ માહિતી આપો,મોજુદ પૂરાવા ધ્યાને લઇ ન્યાયી, આરટીઆઇ એકટ મુજબ નિર્ણય આપો, અને જો હૂકમ કરવાની સત્તા હોય તો હુકમનું પાલન ન કરનારા સામે કાનૂની, ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવે એની તકેદારી રાખો,

કેમ, કેટલી, ક્યાં,કોણ, કેવી, ક્યારે, કોની, આવો કકળાટ શામાટે ?

હા, જો કોઈ માહિતીની અરજી ને લગતી માહીતી બાબત કોઈ પણ પ્રકારની શંકા જાય તો આયોગે એ તમામ રેકર્ડ જપ્ત કરી સાર્વજનિક કરવા કરાવવા હૂકમ કરવો જોઈએ.

જો સરકાર જનહિતમાં કોઈ ખાનગી વાહન, જામીન, જણસ,ઘર કાયદેસર કાર્યવાહી હાથ ધરી પોતાના હસ્તક લઈ શકતી હોય તો કાગળોમાં રહેલી માહિતી ત્રાહિત પક્ષકાર ની છે એવું જણાવી માહિતીનો ઈન્કાર કરી શકાય ખરો?

સો સો ટકાના એક એક સવાલ જવાબ માગે છે. છે કોઈ જવાબ?

અદાલત અને આયોગ આપણાં કાયદાના રક્ષક છે, એમનો આદર કરવો જોઈએ.સાદર સવાલ પૂછવા જોઈએ.

આરટીઆઇ એકટ પુખ્ત વયનો થયો છે, પુખ્ત વિચારણા માંગે છે.

વધુ માહિતી અધિકાર હેઠળ અરજી કરે તો એ સરકારી કામમાં રૂકાવટ? સરકારી અધિકારીને હેરાન કરે છે? ત્રાસ આપે છે! એ ત્રાસવાદી છે?

અને જે કાયદો તોડે એનું પાલન ન કરે, રેકર્ડ પર માહિતી હોઈ છતાં માહિતી જાહેર ન કરે, આયોગના હુકમનું પાલન ન કરે તો એમને શું કહેવું? દેશદ્રોહી કહી શકાય?

**દીપક પટેલ.સુરત**

# પ્રેમ એક ઈલાજ...




*માનવ જીવનની કહાની એ તેના દુઃખના સ્મરણ, એના દર્દસભર અનુભવો, તેની જીવનયાત્રામાં આવતા કઠિન પડાવો, સબંધોની કસોટીઓ, વિશ્વાસઘાત, પ્રપંચ, ઉપેક્ષાને કોઈના વ્યક્તિગત સ્વાર્થના કારણે એને મનોવેદના સહન કરવી પડે છે.*

*આવા સંજોગોમાં માનવીના મન પર ક્રોધ સવાર થાય છે ને બદલો લેવાની દુર્ભાવના જન્મે છે. વેરઝેરના બીજ વવાઈ જાય છે અને પછી માનવીનું જીવન બદલાઈ જાય છે. તેનું ગંતવ્ય બદલાઈ જાય છે. તેનું ધ્યેય વ્યક્તિગત વેરમાં પરિવર્તિત થઈ જાય છે..આજ સુધી જે સબંધ એકબીજાની હૂંફ બની, હિંમત આપતો હતો એની જગ્યાએએ સબંધમાં વહેમ, અવિશ્વાસ ભળતા એ સ્નેહસબંધમાંથી પ્રેમની સુગંધ ચાલી જાય છે. તે સબંધ નિર્જીવ બની જાય છે..વ્યક્તિવ્યક્તિ વચ્ચે એક દિવાલ રચાઈ જાયછે જે જિંદગીભર અબોલાના સ્વરૂપે, નફરત રૂપે સબંધના એક ખૂણાને સદાય અંધકારમય બનાવી રાખે છે.*

*આવા નાજુક સબંધોમાં પ્રેમ જ એક એવું ઔષધ છે, એ એક જ એવી સદ્ભાવના છે, જે માનવીના ક્રોધ, ઝનૂન, નફરત ને સદ્ભાવમાં બદલી શકે છે..પ્રેમમાં વિશેષ લગાવ હોવાથી સામેની વ્યક્તિ એની લાગણીને આધીન થઈ જાય છે ને દિલનો નાતો બંધાઈ જાયછે. એ પછી એના પ્રેમમય વ્યવહારથી એની જીદ ને ક્રોધ દૂર થઈ જાય છે પરિણામે એ સ્નેહસબંધ કાયમ સચવાઈ રહે છે..*

*પ્રેમમાં આકર્ષણ છે, મનનું અદમ્ય ખેંચાણ, ત્યાગ ને સમર્પણની ભાવના છે..મોહ પણ છે ને તેમાં મિત્રતાની સાર્થકતા છે, પ્રેમ છે તો કોઈના માટે સજવુ ગમે છે, શૃંગાર કરવો ગમે છે, કોઈના માટે જીવવું ગમે છે..*

*પ્રેમ એક એવી અંતરતમ લાગણી છે, એ એક એવું દિવ્ય તત્વ છે જે પેઢીઓના વેરઝેરને પળભરમાં મિટાવી શકે છે. પ્રેમમાં જ હૃદય પરિવર્તન કરવાની તાકાત છે.*

*પ્રેમ એ દિલની સચ્ચાઈનું સ્વરૂપ છે એવા પ્રેમ વિના માનવી અધૂરો છે. પ્રેમ છે તો લાગણીના સબંધો છે, પ્રેમ છે તો આત્મીય સબંધો સદાય ટકી રહે છે, પ્રેમ છે તો નિઃસ્વાર્થ ભાવ સબંધનું અસ્તિત્વ છે, જીવનમાં બદલાવ શક્ય છે ને સબંધનું માધુર્ય છે.*

*પ્રેમમાં સહનશીલતા, ત્યાગ, ક્ષમાવૃતિ છે. પ્રેમમાં કરુણા, દયા ને આત્મિયતા છે ને બીજાને સમજવાની તૈયારી છે..પ્રેમમાં અત્યંત લાગણી હોવાથી કોઈના નાપસંદ વ્યવહારને પણ ચલાવી લેવાની તેમાં ઉદારતા છે. આમ પ્રેમ છે તો સબંધોમાં શાશ્વતતા છે.*


*દિવ્ય પ્રેમમાં ઈશદર્શનની પ્યાસ છે, પ્રેમમાં ઈશ્વરની આરાધના, ઉપાસના કરવી ગમે છે, ઈશ્વરની આ સમગ્ર સૃષ્ટિ ગમે છે..સમસ્ત વિશ્વના કણ કણ ઉપર અપાર પ્રેમ અનુભવાય છે. પ્રેમ છે તો સહજીવન, સખ્યજીવન, સામાજિક સબંધોનું મૂલ્ય છે ને આયુષ્ય છે. તેમાં સ્નેહસભર યાદો છે, હૂંફ છે, આશ્વાસન છે, પ્રેમમાં સુખદુઃખના આઘાત-પ્રત્યાઘાત સહન કરવાની ખુમારી છે..*

*પ્રેમ માનવીના તન, મનનો ઈલાજ છે, પ્રેમ એ દવા તો છે સાથે દુઆ પણ છે. પ્રેમ એ ક્ષમાશીલતા, આશા, આસ્થા, શ્રદ્ધાનું સ્વરૂપ છે. પ્રેમમાં માનવીની માનવતા, સજ્જનતા, આત્મીયતા ને ત્યાગની ભાવના વિસ્તૃત બને છે ને તેની અનુભૂતિ મન, હૃદયને આનંદિત કરે છે..*

*આમ પ્રેમ એ તો માનવીય સંવેદનાનું ઔષધ છે..*

***શંભુભાઈ ડી. ઠક્કર /ભુજ***

# ઘનઘોર ઘેઘુર નોખા અલગ ગીતોના જાદુગર મન્ના ડે..



આપણે ત્યાં બૉલીવુડમાં મોહમદ રફી મુકેશ અને કિશોર કુમારની ત્રિપુટી આજે પણ બહુ લોકપ્રિય છે આ મહારથીઓને શત શત નમન.

બીજા મહેન્દ્ર કપૂર અને મન્ના ડે બહુ સારા ગાયક કલાકારો હતા પણ આ મહારથીઓ જેટલા નામ અને દામ કમાયા નહીં.

પ્રબોધચંદ્ર ડે મન્ના ડેનું મૂળ નામ છે .૧લી મેં ૧૯૧૯ ના રોજ જન્મેલા મન્ના ડે ૯૪ વરસ જીવ્યા ૨૪ ઓક્ટોબર ૨૦૧૩ એ અવસાન પામ્યા લગભગ ૪૦૦૦ થી વધારે ગીતો ગાયા છે

મન્ના ડે ના ઘણા ગીતો ઓલ ટાઈમ હીટમાં સ્થાન પામે છે એક અલગ અવાજ અલગ સ્ટાઈલ અલગ શેલી મન્ના ડે ને એક અલગ ઊંચાઈ પર મૂકે છે. મોહમદ રફી મુકેશ કિશોરકુમારના ગીતોની નકલ કરનારા આવતા જતા રહ્યા છે પણ તમે કોઈ દિવસ એમ સાંભળ્યું નહી હોય કે વોઈસ ઓફ મન્ના ડે મળી ગયો છે .મન્ના ડેની નકલ કરવી શક્ય જ નથી આજ મન્ના ડેની વિશેષતા છે.

રાજકપુર તેમની ફિલ્મોના ગીતો માટે મુકેશનો ખાસ આગ્રહ રાખતા હતા પણ રાજકપુરે મન્ના ડે પાસે યાદગાર ગીતો ગવડાવ્યા છે ચોરી ચોરીના ત્રણ ત્રણ યુગલ ગીતો સુપર દુપર હીટ છે આ જા સનમ મધુર ચાંદની મેં હમ યે રાત ભીગી ભીગી યે મસ્ત ' જહાં મેં જાતી હું વહી ચલે આતે હો

લતાનું એ મેરે વતન કે લોકો સાંભળી વડાપ્રધાન નહેરુ રડી પડ્યા હતા પણ ખુદ લતા મંગેશકર ઉપકારનું મન્ના ડેનું કસમે વાદે પ્યાર વફા સબ બાતે હે બાતો કા ક્યાં સાંભળી રડી પડ્યા હતા એ બહુ ઓછાને ખબર છે.ભારત સરકારે મન્ના ડે ને ૧૯૭૧ માં પદ્મશ્રી ૨૦૦૫ પદમભૂષણ અને ૨૦૦૭ માં સર્વોચ્ચ દાદા સાહેબ ફાળકે એવોર્ડથી મન્ના ડેનું બહુમાન કર્યું હતું

કાબુલીવાલાનું એ મેરે પ્યારે વતન ને કોણ ભુલી શકે ' તેરે દામન સે આયે ઉન હવાઓ કો સલામ મન્ના ડે સીવાય બીજાનું કામ નહી.તું છુપી હે કહા એક ચતુર નાર હોય કે પૂછો ના કેસે મેને રેન બીતાઈ પ્યાર હુવા ઈકરાર હુવા હે ' અને ચૂંનરી સંભાળ ગોરી મન્ના ડે ના યાદગાર ગીતો છે.

મન્ના ડે તેમના ગીતો માટે હંમેશા યાદ રહેશે.

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

NEWS OF GANDHINAGAR_P-2

NEWS OF GANDHINAGAR_P-3

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*પ્રકાર - પદ્ય (અલગ અલગ છંદમાં શેર)*
*વિષય - સૂર - સરગમ*
*શીર્ષક - સૂર- સરગમની રમઝટ*
*શબ્દો - ૧૫૮.*

*એક સૂરે ગવાય છે;*
*રાગ સુંદર લવાય છે.*
*સામ્ય મન ને સિતારમાં એવું;*
*સૂર, ઝણકાર ,તાર હોવાના.*
*જિંદગી થાય સૂરમય રંગીન;*
*જો મળે સૂર-તાલ ગમતાનો.*
*એક સૂર જ છૂટ્યો કેવળ, પણ ;*
*રાગ પછી તો બેસૂર થયો.*
*બેઉના દિલમાં ફૂટ્યું સંગીત ત્યાં;*
*બે બધિર મૂંગાને થઈ ગઈ પ્રીત ત્યાં!*
*આંખ ગીતો ગાય પાંપણ સૂર દે;*
*તાલ દે ધબકાર એવી રીત ત્યાં.*
*પતંગિયાં-ભમરાની ગુંજે શું સરગમ?*
*સુગંધિત ફૂલોથી અગર થાય સંગમ.*
*જો પ્રસરી છે કોયલના ટહુકાની સરગમ;*
*પ્રણયનો ય જામ્યો હવામાં સરસ રમ.*
*મળીને સંગ સૂર ઓગળી શકત તો કેવું થાત?*
*ગવાયા બાદ બેસૂરા એ તાલનું શું થઈ શકે?*
*થાય લય,સંગીત,સૂરોનો સમન્વય શબ્દથી ;*
*તે પછી "શ્વેતા" સરસ ગૂંજે કળા યુક્તિ ગઝલ.*
*તું હસતાં સાથ રમતાં બાળકોનો પાડી લે ફોટો;*
*પછી સંબંધમાં આ સૂર સાથે તાલ ના યે હોય.*
*સૂર,લય,સંગીતનો સંગમ મળે તો થાય શું ?*
*શબ્દ-ગાયકની જુગલબંધીથી સજતી રહી ગઝલ.*
*વાંસળીના સૂરથી જે પ્રેમ રેલાવે, છે એવો કોઈ?*
*આંગળીથી પહાડ ગોવર્ધનને ઉપાડે, છે એવો કોઈ?*

**- શ્વેતા તલાટી**

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં વૃદ્ધિ

## કોટન-ખાંડીના વાયદામાં સુધારો: મેન્થા તેલમાં ઢીલાશ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬,૭૩૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૧,૦૬૨ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૬ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૭,૫૫૦ સોદાઓમાં કુલ રૂ.૧૭,૮૪૯.૯૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૭૩૬.૯૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૧૦૬૨.૪૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૭,૫૫૭ સોદાઓમાં રૂ.૪,૩૬૦.૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૭૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૦૪૨ અને નીચામાં રૂ.૫૯,૭૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪૯ વધી રૂ.૬૦,૦૧૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯૪ વધી રૂ.૪૮,૧૦૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૬,૦૧૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૭ વધી રૂ.૬૦,૦૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૧૩૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૧૫૫ અને નીચામાં રૂ.૭૩,૬૦૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦૦ ઘટી રૂ.૭૩,૮૪૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૨૩ ઘટી રૂ.૭૪,૯૧૮ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૧૫ ઘટી રૂ.૭૪,૯૧૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૪૧૨ સોદાઓમાં રૂ.૧,૧૮૫.૦૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૪૯.૮૫ના ભાવે ખૂલી, રૂ.૨.૯૦ ઘટી રૂ.૭૪૭ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૧૦.૧૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૩.૦૫ ઘટી રૂ.૨૩૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૧૦.૩૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૪.૮૦ જસત-મિની મે વાયદો રૂ.૩.૧૦ ઘટી રૂ.૨૩૩.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૫,૧૯૦ સોદાઓમાં રૂ.૧,૧૮૩.૪૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૨૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૭૮ અને નીચામાં રૂ.૬,૧૬૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦ વધી રૂ.૬,૧૮૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૩૧ વધી રૂ.૬,૧૮૩ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૯ના ભાવે ખૂલી, રૂ.૧.૭૦ વધી રૂ.૧૯૧.૫૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૧.૭ વધી ૧૯૧.૮ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૮.૦૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૧૨૦ અને નીચામાં રૂ.૬૨,૯૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૦ વધી રૂ.૬૩,૦૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૨૦ ઘટી રૂ.૯૭૨.૫૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૧૦.૪૨ કરોડનાં ૩,૦૨૧.૧૪૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૫૪૯.૯૮ કરોડનાં ૩૪૦.૦૧૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૯૨.૦૫ કરોડનાં ૭,૯૪,૦૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૯૧.૩૭ કરોડનાં ૩,૫૮,૩૪,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૮૩.૩૪ કરોડનાં ૮,૬૯૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૪.૩૨ કરોડનાં ૨,૪૦૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૬૪.૩૬ કરોડનાં ૭,૫૩૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૯૩.૦૩ કરોડનાં ૧૬,૭૦૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૬.૩૫ કરોડનાં ૧,૦૦૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧.૭૨ કરોડનાં ૧૭.૬૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૯૦૯.૧૦૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૦૧.૬૯૧ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૮૩૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૭,૫૮૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૮૫૩ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૧૬૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૦,૬૮,૯૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૧૦,૬૧,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૪,૫૯૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૯૫.૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૫.૮૨ કરોડનાં ૧૯૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૪૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૩૦૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૫૪ અને નીચામાં ૧૬,૨૮૬ બોલાઈ, ૬૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૦ પોઈન્ટ વધી ૧૬,૩૪૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૧૦૬૨.૪૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૬૨.૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૬૦.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૮૪૭૭.૧૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૦૯૬.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૪૫.૨૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૮ અને નીચામાં રૂ.૧૦૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭.૩૦ વધી રૂ.૧૭૯ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૯.૫૦ અને નીચામાં રૂ.૭.૩૦ રહી, અંતે રૂ.૦.૫૫ વધી રૂ.૮.૮૦ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪૭ અને નીચામાં રૂ.૬૦૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૨.૫૦ વધી રૂ.૭૩૯.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૭૭૦ અને નીચામાં રૂ.૬૩૧ રહી, અંતે રૂ.૯૭ વધી રૂ.૭૪૬.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૫૦૨ના ભાવે ખૂલી, રૂ.૧૯૬.૫૦ ઘટી રૂ.૨,૪૯૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૫૨૦ના ભાવે ખૂલી, રૂ.૧૬૨.૫૦ ઘટી રૂ.૨,૩૮૦.૫૦ થયો હતો. તાંબુ મે રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૩૨ ઘટી રૂ.૧૫.૭૧ જસત મે રૂ.૨૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૬ ઘટી રૂ.૧.૬૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૮ અને નીચામાં રૂ.૧૭૧.૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧.૯૦ ઘટી રૂ.૧૯૭.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૭૦ અને નીચામાં રૂ.૧૦.૬૫ રહી, અંતે રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૧.૭૫ થયો હતો.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

સોનું મે રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૮૯.૫૦ અને નીચામાં રૂ.૩૧૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦ ઘટી રૂ.૩૨૨.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૭ ખૂલી, ઉપરમાં રૂ.૯૭૭ અને નીચામાં રૂ.૭૧૨ રહી, અંતે રૂ.૮૫.૫૦ ઘટી રૂ.૭૨૫ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૩૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૬૦.૫૦ વધી રૂ.૨,૪૨૯ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૩૮૪ના ભાવે ખૂલી, રૂ.૨૩૧ વધી રૂ.૨,૪૩૭.૫૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૬.૮૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૩૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૩૪૦ અને નીચામાં રૂ.૬૦,૯૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૦ ઘટી રૂ.૬૧,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ વધી રૂ.૯૭૩.૭૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૮૪.૨૯ કરોડનાં ૨,૯૮૨.૩૮૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૫૧૨.૧૭ કરોડનાં ૩૩૫.૯૧૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૮૧.૮૧ કરોડનાં ૧૨,૭૩,૬૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૧૭.૯૯ કરોડનાં ૩,૨૦,૫૮,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૯૭.૨૪ કરોડનાં ૯,૫૦૫ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૬૫.૨૭ કરોડનાં ૩,૫૬૫ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૮૦.૨૧ કરોડનાં ૯,૧૫૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૧૧.૧૧ કરોડનાં ૧૭,૨૯૮ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૫.૮૧ કરોડનાં ૨,૫૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧.૦૨ કરોડનાં ૧૦.૪૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૭૫૪.૫૬૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૫૭.૦૧૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૪૬૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૮,૩૧૪ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૨૨૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૦૯૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૧૦,૧૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૮૦,૦૭,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૬,૭૫૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૯૬.૬૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૨.૧૫ કરોડનાં ૧૪૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૭૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૩૨૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૩૫ અને નીચામાં ૧૬,૨૮૦ બોલાઈ, ૫૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૦ પોઈન્ટ ઘટી ૧૬,૨૯૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૧૪૨૭.૫૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૫૨.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૧૪.૩૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૯૫૪૯.૮૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૯૧૧.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૭૦.૪૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૫.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૪ અને નીચામાં રૂ.૧૫૩.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪.૭૦ વધી રૂ.૧૯૧.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૪૫ અને નીચામાં રૂ.૯ રહી, અંતે રૂ.૧.૪૦ ઘટી રૂ.૯.૧૦ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧૧ અને નીચામાં રૂ.૬૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨ ઘટી રૂ.૬૫૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧૩ ખૂલી, ઉપરમાં રૂ.૭૧૮ અને નીચામાં રૂ.૬૪૫ રહી, અંતે રૂ.૨૮ ઘટી રૂ.૬૮૫ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૫૯૦ના ભાવે ખૂલી, રૂ.૨૦૮.૫૦ ઘટી રૂ.૨,૪૨૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૪૭૭ના ભાવે ખૂલી, રૂ.૧૯૭ ઘટી રૂ.૨,૩૦૦.૫૦ થયો હતો. સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ દીઠ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૯ અને નીચામાં રૂ.૧૬૯.૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬ ઘટી રૂ.૧૮૨.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૩૫ અને નીચામાં રૂ.૧૦.૯૫ રહી, અંતે રૂ.૨.૦૫ વધી રૂ.૧૩ થયો હતો.

સોનું મે રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૫ અને નીચામાં રૂ.૧૫૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯.૫૦ વધી રૂ.૧૮૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૨૧.૫૦ અને નીચામાં રૂ.૩૫૬ રહી, અંતે રૂ.૫૦.૫૦ વધી રૂ.૪૧૩ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૩૭૪ના ભાવે ખૂલી, રૂ.૪૧ વધી રૂ.૨,૩૮૫.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૨૦૯ના ભાવે ખૂલી, રૂ.૧૧૪.૫૦ વધી રૂ.૨,૪૧૩ થયો હતો.

## કલોલ પાસેની નર્મદા કેનાલ સુસાઈડ પોઈન્ટ બની, ત્રણ મહિનામાં ૨૩ મૃતદેહ બહાર કઢાયા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨

કલોલ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં કુદીને આપઘાત કરવાના બનાવોમાં ઉત્તરોતર વધારો થતો જોવા મળી રહ્યો છે. જિંદગીથી હતાશ થઇને મોતને વહાલું કરવા માટે નર્મદા કેનાલ કુખ્યાત થઇ ગઈ છે. આપઘાતના પ્રાપ્ત આંકડા અનુસાર કલોલ તાલુકાના ગામો જાસપુર,શેરીસા અને પિયજ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ત્રણ મહિના દરમિયાન ૨૩ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. આટલા મોટા પ્રમાણમાં આપઘાતના કિસ્સા સમાજ માટે ચિંતાપ્રેરક માનવામાં આવી રહ્યા છે.

રાજ્યના સુકા પ્રદેશો સુધી નર્મદાનું પાણી પહોંચાડવા માટે નર્મદા કેનાલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, સમય જતા આ કેનાલનો ઉપયોગ આત્મહત્યા કરવા માટે પણ થવા લાગ્યો છે. રેઢી પડેલ કેનાલમાં જીવનથી ત્રાસી ગયેલા લોકો આવીને પડતું મુકતા હોય છે. કલોલ તાલુકાના જાસપુર,શેરીસા અને પિયજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ આત્મહત્યા કરનારાઓ માટે સ્યુસાઈડ પોઈન્ટ બની છે.

આ કેનાલમાંથી સવિશેષ પ્રમાણમાં મૃતદેહ મળી આવતા હોય છે. વર્ષ ૨૦૨૩ના ફેબ્રુઆરી,માર્ચ અને એપ્રિલ એમ ત્રણ માસ દરમિયાન નર્મદા કેનાલમાંથી ૨૩ મૃતદેહ મળી આવ્યા હતા. ફેબ્રુઆરીમાં બે, માર્ચમાં ચૌદ અને એપ્રિલ દરમિયાન સાત લાશ બહાર કઢાઈ હતી.આ મૃતદેહને કલોલના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું.જોકે સ્થાનિકોના મતે બહાર કાઢવામાં આવેલ મૃતદેહનો આંકડો તો ઘણો ઓછો છે, કેનાલની અંદર કેટલી લાશો હશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે.

કલોલમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં લીલ વધુ પ્રમાણમાં જોવા મળી છે. આ ઉપરાંત અંદર જાતજાતનો કચરો, ઘરનું રાચરચીલું પણ લોકો નાંખી જતા હોય છે. ઘણી વખત અંદર પડનાર વ્યક્તિ લીલ કે કચરામાં ફસાઈ જતો હોવાથી બહાર નીકળી શકતો નથી. કેનાલમાં પડેલો કચરો સાઈફન પાસે આવીને અટકી જતો હોય છે ત્યારે તેને બહાર કાઢવામાં આવતો હોય છે. કેનાલની નિયમિત સફાઈ કરવામાં આવે તો ઘણા લોકોના જીવ બચી શકે તેમ છે.

નર્મદા કેનાલ પાસે કોઈ આપઘાત ન કરે તે માટે સુરક્ષાકર્મીઓ મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત સતત પેટ્રોલિંગ પણ કરવામાં આવતું હોય છે. તેમ છતાં આત્મહત્યાના બનાવ તો વધી જ રહ્યા છે. આ સંજોગોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરાય તે ઈચ્છનીય બન્યું છે.

## સુરતઃ દુબઈથી ગજબ રીતે ૭ કિલો સોનું શરીરમાં છૂપાવીને લાવ્યા હતા, ૪ પકડાઈ ગયા

(એ.આર.એલ),સુરત,તા.૨

દુબઈથી લાવવામાં આવેલું રૂપિયા ૪ કરોડથી વધુની કિંમતનુ ૭.૧૫૮ કિલો સોનું જપ્ત કરવામાં આવ્યું છે. સુરત SOG (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ગ્રુપ)ની ટીમે સોનાની સાથે સાથે ૪ ઇસમોને પણ ઝડપી પાડ્યા છે. સુરત પોલીસે જે આરોપીઓની ધરપકડ કરી છે તેમની તપાસ દરમિયાન આંતરાષ્ટ્રીય દાણચોરીનો પર્દાફાશ થઈ શકે છે. આરોપીઓ સોનું કઈ રીતે દુબઈથી સુરત લાવ્યા હતા અને પકડાયા નહીં તેનો પણ મોટો ભેદ ખુલ્યો છે.

સુરત એરપોર્ટ પર આવતી ઈન્ટરનેશનલ ફ્લાઈટની સાથે ગેરકાયદેસર રીતે કરવામાં આવતી હેરાફેરીના કિસ્સા પણ સામે આવી રહ્યા છે. જેમાં આ વખતે સોનાની ગેરકાયદેસર હેરાફેરીનો ભેદ ખુલ્યો છે. આ મામલે સુરત પોલીસે કરોડો રૂપિયા સોના સાથે ૪ આરોપીઓને ઝડપી પાડયા છે. જીંની ટીમને એક ટોળકી વિશે માહિતી મળી કે ટોળકી દ્વારા ઈમિગ્રેશનમાં પકડાવાય નહીં તે રીતે સોનું લાવવામાં આવતું હતું. આ ટોળકી તેના કેરિયરોને દુબઈ ખાતે મોકલી ત્યાંના વેપારીઓ પાસેથી સોનાની પેસ્ટ મેળવીને સોનુ એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન સિક્યુરીટી ચેકીંગમાં પકડાય નહીં તે રીતે લાવતા હતા. આરોપીઓ સોનામાં કેમિકલ ભેળવીને સોનુ આંતરવસ્ત્રોમાં છૂપાવીને દુબઈથી લાવતા હતા.

પોલીસને માહિતી મળી હતી કે, સોનાને દુબઈથી સુરત લાવવા માટે આ ટોળકીના બે સભ્યો દુબઈ ગેરકાયદેસર રીતે સોનું લવાયું છે. આ ટોળકી કારમાં ડુમ્મસ એસકે નગર ચોકડી પાસેથી પસાર થવાની છે. આ બાતમી આધારે મોડી રાત્રીના વોચ ગોઠવી રોડ ઉપરથી પસાર થતી કારને રોકીને તપાસ કરતા મોટી સફળતા મળી છે.

આ કેસમાં આરોપી ફેનીલ રાજેશભાઇ માવાણી, નિરવ રમણીકભાઇ ડાવરીયા, ઉમેશ ઉર્ફે લાખો જીં/ રમેશભાઈ ભીખરીયા અને સાવન શાંતીલાલ રાખોલીયાની ધરપકડ કરી લેવામાં આવી હતી. પકડાયેલા શખ્સોની ઝડતી લેતા બે આરોપીઓ પાસેથી તેમના આંતરવસ્ત્રો તથા બૂટમાં છૂપાવીને દુબઈથી લવાયેલું સોનું મળી આવ્યું હતું.

આરોપીઓએ સોનાની પેસ્ટ લાવ્યા હતા તેનું વજન ૭.૧૫૮ કિલોગ્રામ છે અને તેની કિંમત ૪ કરોડથી વધારે થાય છે. સુરત પોલીસ કમિશનર શરદ સિંઘલે જણાવ્યું છે કે પોલીસને દાણચોરી કરીને લવાતું સોનું પકડી પાડવામાં સફળતા મળી છે. પકડાયેલા અરોપીઓ એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન સિક્યોરિટીમાં પકડાઈ ન જાય તે માટે સોનાને પંચમ પાવડર સ્વરૂપમાં બનાવી તેમા કેમિકલ ભેળવીને લુગદી સ્વરૂપમાં નાના-નાના પાઉચમાં ભરીને તેના પર સેલોટેપ વીંટાળીને અન્ડરવિયરમાં મૂકીને લાવતા હતા.આ સિવાય આરોપીઓ બૂટના તળિયામાં સોનું મૂકીને ફ્લાઈટમાં બેસી સુરત એરપોર્ટ આવીને ઈમિગ્રેશન સિક્યોરિટીમાંથી એનકેન રીતે છટકી ગયા હતા. કસ્ટમ વિભાગમાં એક્સાઈઝ ડ્યુટી ન ભરીને સરકારને આર્થિક નુકસાન પહોંચાડવાનો ગુનો નોંધાયો છે, હાલ સુરત પોલીસ આરોપીઓના રિમાન્ડ મેળવણીને તજવીજ હાથ ધરી રહી છે.

## દિલ્હી દારૂ કૌભાંડ કેસ

## ઈડીની ચાર્જશીટમાં આપ સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ આપ્યું, સિસોદિયાના પીએએ નિવેદનમાં ખુલાસો કર્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

દિલ્હીના દારૂ કૌભાંડ કેસમાં હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની બીજી પૂરક ચાર્જશીટમાં આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ પણ સામે આવ્યું છે. ચાર્જશીટમાં છેતરપિંડીના વ્યવહારો માટે ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ચાર્જશીટ મુજબ, મનીષ સિસોદિયાના તત્કાલિન સચિવ સી અરવિંદે જણાવ્યું છે કે સિસોદિયાના ઘરે આયોજિત મીટિંગમાં રાઘવ ચઢ્ઢા પણ હાજર હતા. આ બેઠકમાં પંજાબ સરકારના એસીએસ ફાયનાન્સ વિજય નાયર ઉપરાંત એક્સાઈઝ કમિશનર વરુણ રૂજમ, એફસીટી અને પંજાબ એક્સાઈઝના અધિકારીઓ પણ હાજર હતા. આ કેસમાં દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને સીએમ કેજરીવાલના નામ સામે આવી ચૂક્યા છે. સીબીઆઈએ કેજરીવાલની ૯ કલાક સુધી પૂછપરછ કરી છે

૧૬ એપ્રિલે સીબીઆઈએ કથિત દારૂ નીતિ મામલે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની લગભગ સાડા નવ કલાક સુધી પૂછપરછ કરી હતી. પૂછપરછ બાદ અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે સમગ્ર કથિત દારૂ કૌભાંડ નકલી, ખોટું અને ગંદી રાજનીતિથી પ્રેરિત છે. આમ આદમી પાર્ટી એક કટ્ટર ઈમાનદાર પાર્ટી છે અને કટ્ટર ઈમાનદારી એ આપણી મૂળભૂત વિચારધારા છે. અમે મરી જઈશું પણ અમારી અખંડિતતા સાથે સમાધાન નહીં કરીએ. તપાસ એજન્સીઓએ આરોપ લગાવ્યો છે કે કેજરીવાલ વિરુદ્ધ પુરાવા મળ્યા છે. તાજેતરમાં ઈડીએ ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં જણાવાયું હતું કે કેજરીવાલે 'ફેસટાઈમ' એપ પર દારૂ કૌભાંડના મુખ્ય આરોપી સમીર મહેન્દ્રુ સાથે વાત કરી હતી. સમીર મહેન્દ્રુ દારૂનો ધંધો કરે છે. કેજરીવાલે સમીરને આપના કોમ્યુનિકેશન ઈન્ચાર્જ વિજય નાયર પર વિશ્વાસ રાખવા કહ્યું. ઈડી અનુસાર, ગયા વર્ષે ૧૨ અને ૧૫ નવેમ્બરે પૂછપરછ દરમિયાન સમીર મહેન્દ્રુએ અધિકારીઓને કહ્યું હતું કે વિજય નાયરે અરવિંદ કેજરીવાલ સાથે તેની મીટિંગ નક્કી કરી હતી. પરંતુ આ બેઠક થઈ શકી નથી. આ પછી વિજયે તેને વીડિયો કોલ દ્વારા ફેસટાઈમ પર વાત કરવાનું કહ્યું હતું. ઈડીનો આરોપ છે, ×તે જ કોલમાં અરવિંદ કેજરીવાલે સમીરને કહ્યું હતું કે વિજય નાયર તેમના પોતાના માણસ છે, તેઓ તેમના પર વિશ્વાસ કરી શકે છે.×દિલ્હી સરકારે ૧૭ નવેમ્બર ૨૦૨૧ના રોજ નવી એક્સાઈઝ પોલિસી લાગુ કરી હતી. આ નીતિના અમલ પછી દિલ્હી સરકારે આવકમાં વધારાની સાથે માફિયા શાસનનો અંત લાવવાની દલીલ કરી હતી, પરંતુ થયું કંઇક ઊલટું. દિલ્હી સરકારને આવકનું નુકસાન થયું. જુલાઈ ૨૦૨૨માં, દિલ્હીના તત્કાલિન મુખ્ય સચિવે એલજી વીકે સક્સેનાને એક રિપોર્ટ સોંપ્યો હતો, જેમાં મનીષ સિસોદિયા પર દારૂના વેપારીઓને અયોગ્ય લાભ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એલજીએ આ મામલાની સીબીઆઈ દ્વારા તપાસ કરાવવાની ભલામણ કરી હતી.

## ગાંધીનગર સાહિત્યિક સંસ્થા દ્વારા અધિક કલેકટર શ્રી ગાંધીનગરને સમલૈંગિક કાયદાના વિરોધ માટે આવેદન પત્ર આપ્યું

ભારતીય સંસ્કૃતિ નું જતન કરવા માટે સમલૈંગિક સંબંધોને કાયદા નું સ્વરૂપ આપતા પહેલા આપણે સનાતન ધર્મ ની પરંપરા મુજબ સામાજિક કુટુંબો બચાવવા ખૂબ જરૂરી છે.

સુપ્રીમ કોર્ટે માં આ એ અંગે ની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે સમલૈંગિક સંબંધોને કાયદા નું સ્વરૂપ આપવું તે ભારતીય સંસ્કૃતિ ને નષ્ટ કરવા બરાબર છે.

ભારતીય સંસ્કૃતિ માં કુટુંબો ખૂબ જરૂરી છે અને આ સંસ્કૃતિ ને જાળવવી જોઈએ. એટલા માટે ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ ગુજરાત ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ સામાજિક કાર્યકર દ્વારા ગાંધી નગર ના અધિક કલેકટર શ્રી ભરત ભાઈ જોશી સાહેબ ને કોષાધ્યક્ષ શ્રી કાંતિ ભાઈ પટેલ એડવોકેટ, સામાજિક કાર્યકર રેડ ક્રોસ સોસાયટી ના પ્રમુખ શ્રી ઝીલું ભાઈ ધાંધલ, એડવોકેટ વૈશાલી બેન વાઘેલા અને વોઈસ ઓફ ગાંધીનગર ના તંત્રી શ્રી બી એચ મેસર વાલા ની ઉપસ્થિત સાથે આવેદન પત્ર આપવામાં આવ્યું છે.



## ૩ મે ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' અભિવ્યક્તિની સ્વતંત્રાતા એ માનવનો મૂળભૂત અધિકાર


વિશ્વભરમાં ૩ મેનાં રોજ ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' મનાવવામાં આવે છે, આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિશ્વભરની સરકારને ૧૯૪૮માં માનવ અધિકારોનાં સાર્વભૌમત્વ અનુચ્છેદ ૧૯ હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતાનાં અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યૂનેસ્કોની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૩જી મેના રોજ ''પ્રેસ સ્વતંત્રતા દિવસ× મનાવવાનું જાહેર કર્યુ હતુ ત્યારથી દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીનાં મૂલ્યોની સુરક્ષા અને તેને પુનર્સ્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારે પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ, પ્રેસ દિવસ ઉજવવાનો પાછળનો ઈતિહાસ એવો છે કે ઈ.સ ૧૯૯૧માં આફ્રીકાના પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી ત્યારે તે પત્રકારોએ ૪ મેના રોજ પ્રેસની આઝાર્દીના સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યુ હતુ, જેને '' ડિક્લેરેશન ઑફ વિન્ડોક ×નાં નામથી ઓળખવામાં આવે છે. એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની




જાહેરાત કરવામાં આવી હતી. આજે આ દિવસ ઉજવવામાં આવે છે ત્યારે એ જોવું રહ્યું કે ખરેખર પ્રેસ સ્વતંત્ર છે ખરા ? લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની સૌ કોઈ નાગરીકને છૂટ હોય છે. પરંતુ આજે આ અધિકાર મીડિયા પાસેથી છીનવાઈ ગયો હોય એવું નથી લાગતું ? 'પત્રકારત્વ' એ ફક્ત નામ જ નહી પરંતુ આખો ઈતિહાસ છે. આજે આપણે આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે દેશને મળેલી સ્વતંત્રતામાં પત્રકારત્વનો મોટો ફાળો રહ્યો છે તે ભૂલી શકાય તેમ નથી. ગાંધીજી હોય, ઝવેરચંદ મેઘાણી હોય, અમૃતલાલ શેઠ, કરસનદાસ મૂળજી હોય કે પછી લાલ, બાલ, પાલની ત્રિપુટી કે દેશનાં સર્વ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હોય સૌ કોઈ એ પત્રકારત્વ થકી જ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. સંપૂર્ણ નિષ્ઠાથી દેશને જાગૃત કરવાનું કામ પત્રકારત્વ એ જ કર્યું છે, પરંતુ આજે મિશનમાંથી કોર્પોરેટ બનેલા પત્રકારત્વમાં પણ વાણી સ્વતંત્રતા કેટલે અંશે જળવાય રહી છે તે એક મોટો પ્રશ્ન છે. પત્રકારોને બાહ્ય પરિબળો ઉપરાંત મીડિયાના આંતરિક પરિબળો પણ ઘણી વખતે નિષ્ઠાપૂર્વક કામ કરવાથી કે પછી સત્યને છતો કરવાથી રોકતા હોય છે. મીડિયા એ સમાજનો અરીસો છે અને અરીસો જ જો સત્ય નહીં બતાડે તો શું થાય ! દુનિયાનાં નિડર પત્રકારો કેટલીય પરેશાનીમાંથી પસાર થતા હોય છે. સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજ્જત બુખારી, ચંદન તિવારી, રાકેશ સિંહ અને ઉત્તર આર્યલેન્ડના પત્રકાર લાયરા મક્કીની હત્યાએ પ્રેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાને સંપૂર્ણપણે પ્રદર્શિત કરતો વિશષ સ્વતંત્રતા દિવસ આ ''પ્રેસ સ્વતંત્રતા દિવસ'' ખરા અર્થમાં ઉજવવો જોઈએ અને ફક્ત એક દિવસ માટે જ નહીં પરંતુ કાયમ માટે પત્રકારો અને પત્રકારત્વ સ્વતંત્ર રહી શકે તેવા માહોલનું નિર્માણ કરવું જોઈએ,

**મિત્તલ ખેતાણી**

## યોગ ગુરુ ભાવના જોષીની યોગ કોચ તરક પુનઃ નિયુક્તિ



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ગુરુ ભાવના જોષીની પુનઃ નિયુક્તિ યોગ કોચ તરક કરતા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા ગાંધીનગર દ્વારા અભનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

ભાવના જોષી ઘણા વર્ષોથી યોગ કોચ તરીકે ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સહયોગથી કાર્યરત છે. ઘણી બધી યોગ શિબીરો તથા ટ્રેનિંગ પ્રોગ્રામો રાજ્ય સરકારના સહયોગથી કરી જનતાને યોગ શિખવાડવામાં અુલ્ય યોગદાન આપેલ છે. કોરોના કાળમાં તેમણે ઓનલાઈન પણ યોગ શિબીર કરી 'યોગ ભગાવે રોગ'ના સુત્રને સાથર્ક કરેલ છે. તેમની પુનઃ યોગ કોચ તરીકે નિમણુંક થતા ગાંધીનગરની જનતામાં હર્ષની લાગણી પ્રસરી છે.બ્રહ્મ સમાજમાં અગ્રણી ડૉ. અશ્વિન ત્રિવેદી, એડવોકટ તેમજ ગાંધીનગરના પ્રમુખ સુનિલ ત્રિવેદી, કોપરેટર છાયાબેન ત્રિવેદી, શૈલાબેન ત્રિવેદી, હમા ભટ્ટ તથા મનોજ જોષી સહિતના અગ્રણીઓએ શુભેચ્છ સહ અભિનંદન પાઠવેલ છે.

## ઈન્ટરનેશનલ બેસ્ટ લેબરએવોર્ડ - ૨૦૨૩

તારીખ: ૦૧-૦૫-૨૦૨૩ માનમ ફાઉન્ડેશન AN ISO 9001-2015, પ્રમાણિક સંસ્થા દ્વારા ડો.શૈલેષ વાણિયા શૈલ ખંભોળાજ સાહિત્ય સેવા સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ, આણંદ ગુજરાત ની સેવા ઓને ધ્યાન માં લઈ ઓનલાઇન પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે. ૧.મે મજૂર દિવસના સન્માનમાં, મજૂર દિવસની ઉજવણી મજૂર વર્ગની સિદ્ધિઓ અને સખત મહેનતને ઓળખવા માટે મનમ ફાઉન્ડેશન એવા પુરૂષો અને સ્ત્રીઓને અભિનંદન આપે છે. જેમણે વિશ્વભરમાં તેમના દેશ તથા રાજ્ય માં સમાજ માટે મહત્વપૂર્ણ એવા મજૂર અધિકારો માટે અથાક લડત આપી છે. તેમા ડૉ. શૈલેષ વાણીયા શૈલ નો સમાવેશ થાય છે સંસ્થા ઈન્ટરનેશનલ બેસ્ટ લેબર એવોર્ડ - ૨૦૨૩ થી સન્માનિત કરતાં હર્ષ ની લાગણી




અનુભવે છે. સંસ્થા H.E.Amb.પ્રો.ડો.કે.ચક્રવર્તી સ્થાપક અને અધ્યક્ષ. માનમ ફાઉન્ડેશન પ્રોડદાતુર-૫૧૬૩૬૦, વાયએસઆર કડપા જિલ્લો આંધ્રપ્રદેશ, ભારત સંસ્થા નો ખૂબ ખૂબ આભાર આભાર. શુભેચ્છક ડૉ. ગુલાબચંદ પટેલ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર

## અમેરિકામાં વાવાઝોડું ત્રાટક્યું, ૬૦ વાહનો ટકરાયાંઃ૬નાં મોત, ૩૦ ઘાયલ

(એ.આર.એલ),ઈલિનોઈસ,તા.૨ અમેરિકાના ઈલિનોઈસ રાજ્યમાં સોમવારે ધૂળની ડમરી સાથે વાવાઝોડાના કારણે આંતરરાજ્ય હાઈવે પર અનેક વાહનો અથડાયા હતા. જેમાં ૨૦ કોમર્શિયલ વાહનો અને ૬૦થી વધુ કારનો સમાવેશ થાય છે. ૬ લોકોના મોત થયા હતા. ઈલિનોઈસ પોલીસના જણાવ્યા અનુસાર, ૩૦થી વધુ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઘાયલોમાં ૨ વર્ષના બાળકોથી લઈને ૮૦ વર્ષના લોકોનો સમાવેશ થાય છે. મૃત્યુઆંક વધી શકે છે. વાવાઝોડું ત્રાટક્યું તે સમયે ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. વાવાઝોડું ત્રાટક્યા બાદ અનેક વાહનો એક બીજા પર ચઢી ગયા હતા.સેન્ટ લૂઈસની ઉત્તરે ૭૫ માઈલ (૧૨૦ કિમી) દૂર મોન્ટગોમરી કાઉન્ટીમાં બંને તરફનો હાઈવે બંધ થઈ ગયો હતો. જે મંગળવાર બપોર સુધી ખોલવામાં આવશે. આ અકસ્માતની માહિતી સવારે ૧૧ વાગ્યે સામે આવી હતી. સેન્ટ લૂઈસ વેધર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર ધૂળની આંધી ખેતરોની માટી અને મજબૂત ઉત્તર-પશ્ચિમ પવનોના સંયોજનથી સર્જાયું હતું. જેની ઝડપ ૭૦ કિમી પ્રતિ કલાક હતી. આ જ કારણ હતું કે વિઝિબિલિટી ઘટી ગઈ હતી અને અનેક વાહનો અથડાયા હતા. વાવાઝોડા પછી, ૨૫ વર્ષીય ઈવાન એન્ડરસને જણાવ્યું કે તે શિકાગોથી સેન્ટ લુઈસમાં તેના ઘરે જઈ રહ્યો હતો. પછી તેની કાર ધૂળ અને વાવાઝોડામાં ફસાઈ ગઈ અને ક્રેશ થઈ ગઈ. ઈવાને કહ્યું કે ઉડતી ધૂળમાં કશું જ દેખાતું નહોતું. કેટલાક લોકો કારની સ્પીડ ધીમી કરી રહ્યા હતા પરંતુ કઈ કાર ક્યાં પાર્ક કરી હતી તે દેખાતું ન હતું. વાવાઝોડાને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય હવામાન સેવાએ લગભગ ૧:૨૫ વાગ્યે ધૂળની આંધીની ચેતવણી જારી કરી હતી. વેધર સર્વિસે ચેતવણીમાં કહ્યું હતું કે જે લોકોને શ્વસન સંબંધી બીમારીઓ છે તેઓએ ઘરની બહાર ન નીકળવું જોઈએ.




## સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા અબોલ પશીઓ માટે બર્ડ ફીડર (પશીઓનું અન્નક્ષેત્ર) નું તા. ૩૦ જૂન સુધી નિઃશુલ્ક વિતરણ કરાશે

સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા ઉનાળાની ધોમધખતી ગરમીમાં તેમજ બારે મહિના પક્ષીઓને પોષણ, રક્ષણ અને તૃષા તૃપ્તિ થાય તેમનું જીવન બચે તે માટે બર્ડ ફીડર (પક્ષીઓનું અન્નક્ષેત્ર)નું તા. ૩૦ જુન સુધી એક વ્યકિત દિઠ એક બર્ડ ફીડરનું નિઃશુલ્ક વિતરણ સદભાવના વૃધ્ધાશ્રમ, 'પીપળીયા ભવન', સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ, ફાટક પાસે, ઓવરબ્રિઝની નીચે, ડી-માર્ટ વાળી શેરી, રાજકોટ ખાતેથી કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્રનાં મુખ્ય માર્ગો પર વૃક્ષારોપણ કરાઈ રહયું છે, અત્યારસુધીમાં ૨૦,૦૦,૦૦૦ જેટલા વૃક્ષો વિનામુલ્યે પીંજરા સાથે વાવી તેનું જતન કરવામાં આવે છે. આગામી વર્ષોમાં ગુજરાતમાં ૨૦ કરોડ જેટલા વૃક્ષો વાવી તેનું જતન કરવાની સંસ્થાની નેમ છે. ગુગલ મેપમાંથી કોઈ વિદેશમાંથી પણ જોવે તો તેને ગુજરાત લીલુછમ (ગ્રીન ગુજરાત) દેખાય એ સદભાવના વૃધ્ધાશ્રમનું સાત્વિક સ્વપ્ન છે. જાપાનીઝ મિયાવાકી પધ્ધતિથી અત્યાર સુધીમાં ૨૦૦ જેટલા ગાઢ જંગલો નિર્માણ કર્યા છે.




માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. ગુજરાતના સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો સાવ પથારીવશ (ડાઈપરવાળા) વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળુ પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલ તેમાં પોતાનુ જિવન વ્યતિત કરી રહયાં છે. આવા પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમમાં પોતાની ફરજના ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉમરનાં) જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે. બર્ડ ફીડર વિતરણ અંગેની વિશેષ માહિતી માટે સદભાવના વૃધ્ધાશ્રમ, 'પીપળીયા ભવન' સદભાવના વૃધ્ધાશ્રમ સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ ફાટક પાસે, ઓવરબ્રીઝની નીચે, ડી-માર્ટ વાળી શેરી, રાજકોટ. મો. ૮૦૦૦૨૮૮૮૮૮ ઉપર સંપર્ક કરવા સદભાવના વૃધ્ધાશ્રમનાં પ્રમુખ વિજયભાઈ ડોબરીયાની યાદીમાં જણાવાયું છે.

**વિજયભાઈ ડોબરીયા**

## સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લાનું સૌથી સારુ પરિણામ આવ્યુ, વિદ્યાર્થીઓ ગરબા રમી ખુશી વ્યક્ત કરી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨ ગુજરાતના વિજ્ઞાન પ્રવાહના હજારો વિદ્યાર્થીઓની આતુરતાનો આજે અંત આવ્યો છે. આજે ધોરણ ૧૨ સાયન્સનું વર્ષ ૨૦૨૩ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થશે. ધોરણ ૧૨નું વિજ્ઞાન પ્રવાહનું ૬૬ ટકા પરિણામ જાહેર થયુ છે. જેમાં રાજકોટ શહેરનું પરિણામ ૭૧.૦૧ ટકા છે. જ્યારે રાજકોટ સદરનું પરિણામ ૮૩.૪૩ ટકા છે. ઈતિહાસમાં પહેલી વાર એક જ મહિનામાં વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આપી દેવામાં આવ્યુ છે. અત્યાર સુધીમાં વિજ્ઞાન પ્રવાહનું પરીણામ પરીક્ષાના દોઢથી બે મહીના બાદ આપવામાં આવતુ હતુ. જો કે આ વખતે વહેલા પરીણામ જાહેર થયુ છે. રાજકોટ જિલ્લામાં સારુ પરિણામાં આવતા શાળા સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.વિદ્યાર્થીઓએ ગરબા રમીને પોતાની ખુશી વ્યકત કરી હતી અને એકબીજાને મોં મીઠા કરાવ્યા હતાં વાલીઓમાં પણ ખુશી છવાઇ ગઇ હતી.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૩૨૫ નવા કેસ નોંધાયા, એક્ટીવ કેસની સંખ્યા ૪૪,૦૦૦ને પાર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩,૩૨૫ નવા કેસ નોંધાયા છે. બીજી તરફ, દેશભરમાં એક્ટીવ કેસની વાત કરીએ તો તે ૪૪,૧૭૫ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૩૭૯ લોકો કોરોનાથી સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪.૪૩ કરોડ લોકો કોરોનાથી સાજા થયા છે. બીજી તરફ, દૈનિક સકારાત્મકતા દર વિશે વાત કરીએ તો, તે ૨.૨૯% છે અને સાપ્તાહિક સકારાત્મકતા દર ૩.૮૭% છે. દેશમાં કોરોના રિકવરી રેટ ૯૮.૭૨ ટકા છે. તે જ સમયે, દેશવ્યાપી કોરોના રસીકરણ હેઠળ, અત્યાર સુધીમાં કુલ ૨૨૦.૬૬ કરોડ રસી આપવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૧૮૦ રસી આપવામાં આવી હતી. દેશમાં અત્યાર સુધીમાં ૯૨.૬૯ કરોડ લોકોના ટેસ્ટ કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧.૪૫ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## ફોટો ગેલેરી

### ડો. જીવરાજ મહેતા હોસ્પિટલે ગુજરાત સ્થાપના દિવસનું સેલીબ્રેશન કર્યું




ડો. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન, બકેરી મેડિકલ રીસર્ચ સેન્ટરે, ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરેલ. આ દિને બોર્ડ ઓફ મેનેજમેન્ટે કિડની ડાયાલીસીસના દર્દીઓ માટે ખાસ હવેથી વિના મૂલ્યે ડાયાલીસીસ કરવામાં આવશે કે જેથી દર્દીઓને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે નહીં. ઉપરાંત સીનીયર સીટીઝન મેમ્બરશીપ કલબનો પણ સમાવેશ કરેલ છે. જેમાં રૂ. ૨૦૦ ના ટોકનથી સીનીયર સીટીઝનને વર્ષ દરમ્યાન મેડિકલ સર્વીસીસ અને ટ્રીટમેન્ટમાં લાભ મેળવી શકાશે. ઉપરાંત જનરલ સર્જરી, ગાયનેકોલોજી, નેફ્રોલોજી, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી અને પીડીયાટ્રીક કેમ્પ રાખેલ છે. જેમાં ૧૦% થી ૩૦% સુધીનું ડિસ્કાઉન્ટ મળી શકશે. આ પ્રસંગે દેવાસ મુકામનાં શ્રી નારાયણકુટી સંન્યાસ આશ્રમના પીઠાધીશ્વર શક્તિપાતાચાર્ય શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી સુરેશાનંદ તીર્થશ્રી મહારાજે હોસ્પિટલની મુલાકાત લીધેલ અને દર્દીઓને આર્શીવચન આપેલ.

## ગુજરાતમાં સંરક્ષણ ક્ષમતા મહોત્સવ (સંક્ષમ ) :૨૦૨૩ ની ઉજવણી

સંક્ષમ એ આપણા દેશની ઉર્જા સુરક્ષા, ટકાઉ વિકાસ અને પર્યાવરણ સુરક્ષા માટે ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલો એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. કાર્યક્રમનો મુખ્ય ધ્યેય અશ્મિભૂત ઈંધણ પર થતા નકામા ખર્ચને રોકવા, દેશના વિદેશી રાજકોષ પર વધતા બોજને ઘટાડવા અને અશ્મિભૂત ઈંધણને બાળવાથી ઉત્પન્ન થતા ગ્રીન હાઉસ વાયુઓની પ્રતિકૂળ અસરથી પર્યાવરણને બચાવવાનો છે.પેટ્રોલિયમ ઉત્પાદનોના સંરક્ષણ, બળતણ-કાર્યક્ષમ સાધનોને પ્રોત્સાહન આપવા તથા પેટ્રોલિયમ સંરક્ષણ માટેની નીતિઓ અને વ્યૂહરચનાઓ પ્રસ્તાવિત કરવામાં સરકારને મદદ કરવા માટે અને મોટા પાયે જનજાગૃતિ લાવવામાં પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન (PCRA) અગ્રસર છે. એજ નિષ્ઠા સાથે ''૨૪ મી એપ્રિલ ૨૦૨૩ થી ૦૮ મી મે ૨૦૨૩'' દરમિયાન આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીની સાથે उर्जा संरक्षण नेट जीरो की और (Energy Conservation towards 'Net Zero') ની ટેગ લાઈન સાથે સંક્ષમ (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ ૨૦૨૩ ) નું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવ્યું છે. ઈન્ડિયન ઓઈલ દ્વારા સક્ષમ-૨૦૨૩ દરમિયાન ગુજરાત રાજ્યમાં આશરે ૬૫૦૦ કરતા વધારે પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવશે. વધુમાં અશ્મિભૂત ઈંધણના સંરક્ષણ માટે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલી વિવિધ પહેલો, જેમકે અતિ સ્વચ્છ BSVI ઈંધણને અપનાવવું, ઈંધણમાં ઈથેનોલનું મિશ્રણ અને પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના દ્વારા ગુજરાતમાં એલપીજીના પ્રવેશમાં વધારો કરવો , સિટીગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કના વિકાસ દ્વારા ઉર્જા મિશ્રણમાં ગેસનો હિસ્સો વધારવા પર ભાર આપવુ, સૌરઉર્જા, પવનઉર્જા, CNG સાથે હાઈડ્રોજન જેવા ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતોમાં સંશોધન, ઈ-મોબિલિટી વિકલ્પોને આપવામાં આવેલ પ્રોત્સાહન વગેરે નો સમાવેશ થાય છે. આપણા માનનીય વડાપ્રધાને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો એમિશન સુધી પહોંચવાના જાહેર કરેલા લક્ષ્યાંકને સફળ બનાવવા માટે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવશે જેમાં उर्जा संरक्षण नेट जीरो की औरની થીમ પર ગ્રુપ ટોક , સ્કૂલ અને કોલેજોમાં ડિબેટ , વોલ પેઈન્ટિંગ સ્પર્ધા , આર્ટિકલ લેખન સ્પર્ધા , પ્રેસ કોન્ફરન્સ , ટોક શો ઈન ટીવી અને રેડિયો તેમજ જીંગલનો સમાવેશ થાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4